# Gyan Amrit
# જ્ઞાનામૃત

June 2026 - Issue 06
Retail Price ₹ 15/-



**મમ્મા સ્મૃતિ દિવસ**

**24 જૂન**



ભાવનગર ખાતે સ્વામી સહજાનંદ કૉલેજના મેનેંજીગ ડાયરેક્ટર અને ટ્રસ્ટી ભ્રાતા ડૉ. પી.પી. સવાણીને સંસ્થાનું ગુજરાતી મુખપત્ર 'જ્ઞાનામૃત' આપતાં બ્ર.કુ. તૃપ્તિબેન, બાજુમાં બ્ર.કુ. ડૉ. નંદિનીબેન.



માળીયા હાટીનામાં સામાજીક કાર્યક્રમમાં MLA ભ્રાતા ભગવાનજીભાઈ કરગટીયાને ઈશ્વરીય સ્મૃતિચિન્હ ભેટ આપતાં બ્ર.કુ. નિહારીકાબેન.



ઈન્દ્રપ્રસ્થ GGRCમાં 'ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી' દ્વારા આયોજીત આધ્યાત્મિક ગુજરાતી ગીતોના લોકડાયરાના કલાકારો સાથે સમુહચિત્રમાં બ્ર.કુ.ડૉ. નેહાબેન, બ્ર.કુ.નંદાબેન.



અમદાવાદ ચાંદખેડા ખાતે નવનિયુક્ત મ્યુનિસીપલ કોરપોરેટર્સ ભગિની પાયલબેન, ભગિની રીટાબેન, ભ્રાતા અતુલભાઈ, ભ્રાતા યશભાઈના સન્માન બાદ સમુહચિત્રમાં બ્ર.કુ. સંગીતાબેન.



વડોદરા વિજયનગરમાં નવનિયુક્ત મ્યુનિસીપલ કોરપોરેટર્સના સ્વાગત સન્માન બાદ સમુહમાં બ્ર.કુ. પારૂલબેન સાથે બ્રહમાવત્સો.




સુરત સરથાણામાં 'કેન્સર જાગૃતિ કેમ્પ'નું ઉદ્‌ઘાટન કરતાં ડૉ. જતીનભાઈ, બ્ર.કુ. દક્ષાબેન, બ્ર.કુ. ઉષાબેન, અન્ય મહાનુભાવો.



સુરત કામરેજ સેવાકેન્દ્ર દ્વારા 'શ્રમિક દિવસે' શ્રમિકો માટે આયોજીત સ્નેહમિલનનું ઉદ્‌ઘાટન કરતાં બ્ર.કુ. તૃપ્તિબેન, લીલા એન્ડ સન્સ ફેકટરીના માલિક ભ્રાતા મનીષભાઈ, સમાજસેવિકા ભગિની દક્ષાબેન, બ્ર.કુ. રીમાબેન તથા સભામાં ઉપસ્થિત શ્રમિક ભાઈ-બહેનો.

# Gyan Amrit
# જ્ઞાનામૃત

વર્ષ ૧૯ | જૂન - ૨૦૨૬ | અંક : ૦૬

**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનું મુખપત્ર**


## અમૃતસૂચિ


- દિવ્ય પ્રેરણાસ્ત્રોત પૂર્વજોને શ્રદ્ધાસુમન .......તંત્રી સ્થાનેથી ..04
- મમ્મા સાથેનો અનુભવ ..........રાજયોગિની ભારતીદીદી ..06
- માતેશ્વરી જગદંબા સરસ્વતી ............બ્ર.કુ. ચંદ્રિકાબેન ..08
- મમ્માની શિક્ષાઓ .........................બ્ર.કુ. કૈલાસદીદી ..11
- મમ્મા સાથે મારી સુમધુર ક્ષણો .............બ્ર.કુ. સુષ્માબેન ..12
- માતેશ્વરી સરસ્વતીજી ...........................બ્ર.કુ. હેમંત ..16
- પરશુરામ અવતાર ........................બ્ર.કુ. વિવેકાનંદ ..22
- અતીતના ઝરોખાથી .......................બ્ર.કુ. ગીતાબેન ..25
- જ્ઞાન પરબ - શુભ ભાવના ..................બ્ર.કુ. જગદીશ ..28
- માતેશ્વરી મમ્મા .................................બ્ર.કુ. નીતા ..30
- માતેશ્વરી જગદંબા...............................બ્ર.કુ. લીલા ..32
- વાચકોના પ્રતિભાવ ............................................33
- સંગમયુગની પ્રશ્નાવલી, ભાગ-4 ..............................34



**2026 ના લવાજમના દર**

**ભારતમાં**

| | | |
|---|---|---|
| વાર્ષિક લવાજમ | રૂ. | ૧૩૦.૦૦ |
| આજીવન સભ્ય | રૂ. | ૨,૨૦૦.૦૦ |
| છૂટક નકલ | રૂ. | ૧૫.૦૦ |

**વિદેશમાં**

| | | |
|---|---|---|
| એરમેઈલ વાર્ષિક | રૂ. | ૧,૬૦૦.૦૦ |
| આજીવન સભ્ય | રૂ. | ૧૨,૦૦૦.૦૦ |

મુદ્રક અને પ્રકાશક
**ભારતી રણછોડદાસ સોમૈયા**
તંત્રી
**ડો. નંદિની હર્ષદરાય દ્વિવેદી**
માલિક
**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય**


જ્ઞાનામૃત માટે કૃતિઓ, ફોટા, લેખ, કવિતા, અન્ય પ્રકાશન સામગ્રી તંત્રીશ્રી, જ્ઞાનામૃત કાર્યાલયના નામે - સરનામે મોકલવા અથવા ઈમેઈલ દ્વારા મોકલવા
gyanmrit.guj@gmail.com

**વિશેષ નોંધ -** જ્ઞાનામૃતના નવા સભ્યો સમગ્ર વર્ષ દરમિયાન બની શકાશે. જાન્યુઆરીથી બધા અંક તેમને મળશે. મેમ્બર બનવા માટે નીચે આપેલ બેંક ખાતાની વિગતોનો ઉપયોગ કરી ઓનલાઈન, રોકડા, ચેક, ડી.ડી. થી લવાજમ ભરવું. Gpay, મોબાઈલ નંબર કે Phone Pay ઉપર જ્ઞાનામૃતનું લવાજમ ભરી શકાશે નહીં.


**જ્ઞાનામૃતના બેંક ખાતાની વિગતો**

**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય**

Account No. : **03290100041261** IFSC Code : **BARB0GITAMA**

Bank Name : **BANK OF BARODA, Geeta Mandir Branch**

**જ્ઞાનામૃત કાર્યાલય - પ્રકાશન સ્થળ - ગુજરાત ઝોન મુખ્યાલય**

**બ્રહ્માકુમારીઝ, સુખશાંતિ ભવન, ભુલાભાઈ પાર્ક રોડ, કાંકરિયા, અમદાવાદ - 380 022.**

Mobile : **+91 94267 08448** Phone : **079 - 2532 4460**

Email : **gyanamrit.guj@gmail.com**

તંત્રી સ્થાનેથી

# દિવ્ય પ્રેરણાસ્ત્રોત પૂર્વજોને શ્રદ્ધાસુમન

## સંસ્કારોની અખંડ પ્રેરણાગાથા - સેવા, સમર્પણ અને સાધનાના ત્રિવેણી સંગમ

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયના ઈતિહાસમાં એવી દિવ્ય આત્માઓએ અવતરણ લીધું છે, જેમણે પોતાના અલૌકિક જીવનથી માત્ર સંસ્થાને જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વને આધ્યાત્મિક ઉર્જાથી સમૃદ્ધ બનાવ્યું છે. સાથે-સાથે પોતાના તપસ્વી જીવન, અડગ સંકલ્પ અને નિષ્કામ સેવાથી દુનિયાને આધ્યાત્મિક પ્રકાશ આપ્યો છે. આવી જ બે પવિત્ર આત્માઓ - માતેશ્વરી જગત અંબા સરસ્વતી (મમ્મા) અને ગુજરાતના પ્રથમ ઝોન ઈન્ચાર્જ રાજયોગિની સરલાદીદીજી. આજે આપણી સ્મૃતિઓમાં આ બંને વિભૂતિઓ જીવંત છે. જુન માસમાં તેઓના સ્મૃતિદિવસ નિમિત્તે તેમને કોટિ-કોટિ શ્રદ્ધાંજલિ અર્પણ કરતાં હૃદય ભાવવિભોર બની જાય છે ત્યારે તેમની જીવનગાથાથી પ્રેરણા મેળવવાનો પવિત્ર અવસર પ્રાપ્ત કરીએ છીએ.

## માતૃભાવ સાથે મર્યાદાનો જીવંત અવતાર - મમ્માનું દિવ્ય જીવન

માતેશ્વરી જગત અંબા સરસ્વતી (મમ્મા) માત્ર એક પ્રશાસિકા નહોતા, પરંતુ સમગ્ર બ્રહ્માકુમારીઝના પરિવાર માટે ‘માતૃત્વની મૂર્તિ’ હતા. તેમના ચહેરા પરની નિર્મલ શાંતિ, મીઠી મધુર વાણીની મીઠાશ અને વ્યવહારમાં સરળતા દરેક આત્માને સ્પર્શતી હતી. મમ્માનું જીવન આપણને સૌને એક સંદેશ આપે છે કે, ‘આધ્યાત્મિકતા એ માત્ર જ્ઞાન પ્રાપ્ત કરવાનું સાધન નથી, પરંતુ તેને જીવનમાં ઉતારવાનો એક અલૌકિક અનુભવ છે.’ તેમણે રાજયોગના અભ્યાસને જીવનનો અવિભાજ્ય હિસ્સો બનાવ્યો હતો. દરેક પરિસ્થિતિમાં સમતા, સહનશક્તિ અને શાંત ચિત્ત રહેવું, આ તેમની ખાસ વિશેષતાઓ હતી. જ્યારે સંસ્થા શરૂઆતમાં સંઘર્ષભર્યા સમયમાં હતી, ત્યારે મમ્માએ અડગ વિશ્વાસ અને નિષ્ઠાથી ઈશ્વરીય કાર્યને આગળ વધારવામાં સિંહ ફાળો આપ્યો છે. મમ્માનો એક અનોખો ગુણ હતો કે, તેઓ દરેક આત્માને જોતા ત્યારે તેમની દૃષ્ટિ ક્યારેય તે આત્માની કોઈ કમી-કમજોરી ઉપર નહીં, પણ તે આત્મામાં છુપાયેલી અધ્યાત્મ શક્તિઓ ઉપર રહેતી. આ કારણે જ તેમના સંપર્કમાં આવતી દરેક આત્મા આત્મવિશ્વાસથી પરિપૂર્ણ બની જતી.

## સરલાદીદીનું સેવામય જીવન

રાજયોગિની સરલાદીદીજી કે જેમણે ગુજરાતના પ્રથમ ઝોન ઈન્ચાર્જના પદ પરની મોટી જવાબદારીઓની સાથે-સાથે ગુજરાતભરમાં બ્રહ્માકુમારી સંસ્થાના સેવાકાર્યોને એક નવી દિશા આપી. તેમની કાર્યશૈલીમાં નિષ્ઠા, નિયમિતતા અને દૃઢતા જોવા મળતી. તેઓએ ગુજરાતના અનેક શહેરો અને છેવાડાના ગામડાઓમાં રાજયોગનો ઈશ્વરીય સંદેશ આપી, આધ્યાત્મિક જાગૃતિનું નવું કિરણ ફેલાવતાં, સેકડો આત્માઓના જીવનમાં પરિવર્તન લાવી તેમને મનની શાંતિ અને સાચા સુખની અનુભૂતિ કરાવી.

## કર્મયોગી તથા સાદગી-સરળતાની મૂર્તિ - સરલાદીદી

સરલાદીદીજીનું જીવન એક ‘શ્રેષ્ઠ કર્મયોગી

જીવન'નું ઉત્તમ ઉદાહરણ છે. દીદીજી માટે સેવા કોઈ ફરજ નહોતી, પરંતુ એક આત્મિક આનંદનો સ્ત્રોત હતી. તેઓએ પોતાના જીવનમાં ક્યારેય આરામને પ્રાથમિકતા આપી નથી, ક્યારેય આરામ કરવાની પરવા કર્યા વગર, દરેક સ્થિતિમાં ઈશ્વરીય સેવાને જ પ્રાધાન્ય આપી સેવાને અગ્રીમતા આપી. તેમની દરેક ક્ષણ જાણે 'ઈશ્વરીય સેવા' માટે સમર્પિત હતી. તેમના ચહેરા પરનું સ્મિત અને બોલીમાં માધુર્ય તેમની મુલાકાતે આવનાર દરેક વ્યક્તિને આત્મિક સમીપતાનો અનુભવ અચુક કરાવતી. તેઓએ તેમના જીવન થકી એ સંદેશો આપ્યો છે કે, પરમપિતા શિવ પરમાત્મા અને સમગ્ર માનવજાત માટે નિષ્કામ, નિસ્વાર્થભાવની સેવા તે જ સાચી સેવા છે. તેમની જીવનશૈલીમાં એક અનોખી દૃઢતા અને નિયમિતતા જોવા મળતી. 'સમય, શક્તિ અને સંકલ્પ ત્રણેયને ઈશ્વરીય સેવા માટે સમર્પિત કરવું' આ તેમનો જીવનમંત્ર હતો. સરલાદીદીજી અવાર-નવાર એ વાત ઉપર ખાસ ભાર આપતાં કે, સાચી ખુશી બહાર નહિ, પણ સ્વયમ (અંતર જગત)માં રહેલી છે. જેને ફક્ત રાજયોગ દ્વારા જ અનુભવી શકાય છે.

## મમ્મા અને સરલાદીદીમાં સંસ્કારોનું સમન્વય

મમ્મા અને સરલાદીદી બંનેના જીવનમાં કેટલીક સમાનતાઓ સ્પષ્ટ જોવા મળે છે.

1. નિષ્કામ સેવાભાવના - તેમણે ક્યારેય વ્યક્તિગત લાભ વિશે વિચાર્યું નહીં. તેમના દરેક કર્મમાં 'વિશ્વકલ્યાણ'નો ભાવ હતો.
2. અડગ શ્રદ્ધા અને વિશ્વાસ - પરિસ્થિતિઓની પારાવાર મુશ્કેલીઓ કેમ ન હોય, પરંતુ તેમનો શિવબાબા પ્રત્યેનો વિશ્વાસ ક્યારેય ડગમગ્યો નહીં.
3. સાધના અને સમર્પણનું સંતુલન - યોગ અને સેવા બંનેનું સંતુલન જ આધ્યાત્મિક પ્રગતિ માટે જરૂરી છે.
4. સહનશક્તિ અને સરળતા - તેમના જીવનમાં કોઈ અહંકાર નહોતો, માત્ર વિનમ્રતા અને સહજતા હતી.

## વર્તમાન સમયે તેમની પ્રેરણાની પ્રાસંગિકતા

આજના યુગમાં જ્યારે માનવી તણાવ, અસંતોષ અને અશાંતિથી ઘેરાયેલો રહે છે, ત્યારે આવી મહાન આત્માઓનું જીવન એક 'પ્રકાશસ્તંભ' સમાન છે. તેમના જીવન થકી પ્રેરણા મળે છે કે સાચી સફળતા એ આત્મિક શાંતિ અને સંતોષમાં છે. દરેક પરિસ્થિતિમાં સકારાત્મકતા જાળવવી એ જ સાચા રાજયોગની પરિભાષા છે.

## સ્મૃતિથી સંકલ્પ તરફ

માતેશ્વરી મમ્મા અને સરલાદીદી આ બંને દિવ્ય આત્માઓએ પોતાના જીવન દ્વારા આપણને શીખવ્યું કે, 'મહાનતા શબ્દોમાં નહીં, પરંતુ સંસ્કારોમાં હોય છે.' તેમની સ્મૃતિ માત્ર ભૂતકાળ નથી, પરંતુ વર્તમાનમાં પ્રેરણા અને ભવિષ્ય માટે માર્ગદર્શન છે. સ્મૃતિદિવસ માત્ર યાદ કરવાનો દિવસ નથી, પરંતુ જીવનમાં પરિવર્તન લાવવાનો અવસર છે. આ સ્મૃતિમાસમાં માત્ર શબ્દોથી નહીં પણ ચાલો, સાચા હૃદયથી પ્રાર્થના કરીએ કે, તેમના આશીર્વાદથી આપણું જીવન પણ સેવા, સમર્પણ અને સાધનાનો દિવ્ય સંગમ બની જાય. તેમના દિવ્ય સંસ્કારોને જીવનમાં ઉતારી સાચી શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ.

॥ ૐ શાંતિ ॥

બ્ર. કુ. ડો. નંદિની

# મમ્મા સાથેનો અનુભવ

## રાજયોગિની બ્ર.કુ. ભારતીદીદી, ગુજરાત ઝોન ઈન્ચાર્જ

## તથા પ્રકાશક - જ્ઞાનામૃત



વાત છે સન્ 1952ની જ્યારે હું લગભગ 12 વર્ષની હતી. ત્યારે મમ્મા મુંબઈમાં છ આઠ મહિના આવીને રહેતા હતા. હું પણ સેવાકેન્દ્ર પર રહેતી અને ઘણી વાર માતેશ્વરીજી સાથે મિલન મુલાકાત થતી હતી. મને યાદ છે, મમ્માનો કુમારીઓ સાથે વિશેષ સ્નેહ હોવાને કારણે મારી સાથે પણ રુહાની પ્રેમ હતો.

મમ્મા પણ બાબાની જેમ જ ખૂબ પ્રેમ કરતા અને ઘણા શક્તિશાળી વરદાનો આપતા. કારણ કે મમ્માને એમ હતું કે, ભવિષ્યમાં આ કુમારીઓ અનેક આત્માનું કલ્યાણ કરશે. સેંકડોની સેવા કરશે. મમ્માએ મને ટાઈટલ આપ્યું કે - તું જગત જનની, ભારત માતા છે. તારે સમગ્ર ભારતનું કલ્યાણ કરવાનું છે. ત્યારે અંદર ઘણી વાર અપાર ખુશીનો અનુભવ થતો, અને ક્યારેક પ્રેમના આંસુ પણ આવી જતાં. ત્યારે સમય અને સ્થાન પણ ભૂલી જવાતું કે, હું ક્યાં છું? કોની ગોદમાં છું? મમ્માને ગુજરાતી રાસ-ગરબા ગમતા, તેમાં તેમને રસ પડતો. એટલે મમ્મા અમારી સાથે શોખથી રાસ-ગરબા પણ કરતા.

મારું પરમ સદભાગ્ય કે, મોટા ભાગના બધા તહેવારો ખૂબ ધૂમધામથી મમ્મા-બાબા સાથે મનાવવાનો સુવર્ણ અવસર મને મળ્યો. એક વાર હોળીના તહેવાર ઉપર માટે મધુબન જવાનું થયું. ત્યારે મમ્માએ પીળી પિતાંબર સાડી પહેરેલી, બાબાએ ચિકનનો શાનદાર ડ્રેસ પહેર્યો હતો. તે અદભૂત દૃશ્ય આજે પણ પણ મારી નજરોની સામે છે, ભૂલી શકાય તેમ નથી. ઘણી સંદેશી બહેનો ટ્રાન્સમાં વતનમાં જઈને મમ્મા-બાબા સાથે ખૂબ રાસ કરતા અને જાણે આખી સભા સ્વર્ગમય બની જતી. તે અદભૂત દૃશ્યોના અનુભવોની હું સાક્ષી છું

મમ્મા તો ગુણોનો ખજાનો હતા. મેં જોયું કે, મમ્મા ખૂબ ઓછું બોલતા, શાંતચિત - ધૈર્યતાની મૂર્તિ સાથે ઓલરાઉન્ડર પણ હતા. ભોગ બનાવવાની સેવા હોય કે ભાષણ કરવાની સેવા... કોઈ પણ સેવામાં મમ્મા નંબર વન રહેતા. મેં મમ્માના જીવનમાંથી બે-ત્રણ ધારણાઓ ખૂબ સારી રીતે અપનાવેલી. એક તો જીવનમાં સદૈવ હાંજીનો મંત્ર પાકો રાખવો. બીજું મમ્માએ સ્વયંની ધારણાથી શીખવ્યું કે ક્યારેય રડવું નહીં. તે જોઈ મેં પણ કયારેય રડવાનું નહીં એમ દૃઢ સંકલ્પ કર્યો. કોઈ પણ પરિસ્થિતિમાં સદૈવ હર્ષિત રહેવું, ખુશીમાં રહેવું. મમ્મા એમ પણ શીખવતા કે, મોટેથી ક્યારેય હસવું નહીં. જીવનમાં એક વાર કરેલી ભૂલ ફરી બીજી વાર કયારેય ન થાય. આજદિન સુધી મમ્માની આ શિક્ષાઓએ મારા જીવનને આદર્શ સમર્પિત બનાવી રાખ્યું છે.

મમ્મા પાસેથી મેં ઉર્દુ, સિંધી તથા ગુરૂમુખી ભાષા શીખેલી અને મમ્મા મારી પાસેથી ગુજરાતી ભાષા શીખવાનો શોખ રાખતા, ક્યારેક ગુજરાતી બોલતા પણ ખરા. મમ્માને ગુજરાતી ઢોકળા, મુઠીયા, બટાકાપૌઆ વગેરે પસંદ હોવાથી ઘણી-વાર મમ્મા સાથે ભોજન કરવાનો પણ મોકો મળ્યો.

શરૂઆતમાં જ્યારે અમે ત્રણેય બહેનો

(નીમુબેન નેપન્સી રોડ મુંબઈ, સરલાદીદી અમદાવાદ, ભારતીબેન રાજકોટ) જ્ઞાનમાં આવ્યા ત્યારે તો બાપુજીને આ જ્ઞાનની વાતો કોઈ ખાસ પસંદ ન હતી. કારણ કે બાપુજીનો અમારા ત્રણેય બહેનો પ્રત્યે અનહદ પ્રેમ હતો. છતાં અમે ત્રણેય બહેનો દ્રઢ હતા. બાપુજી હંમેશા એવું કહેતા કે, ભલે તમે જ્ઞાન સાંભળવા જાઓ પણ ત્રણેય બહેનો મુંબઈમાં જ મારી પાસે મારી નજર સામે રહો. છેલ્લે જ્યારે બાપુજી મમ્માને મળ્યા ત્યારે મમ્માએ સહજ ભાવે કહ્યું કે જુવો નદી હંમેશા વહેતી ભલી. આ ત્રણેય નદીઓ આખા ભારતનો ઉદ્ધાર કરશે. ધીરે ધીરે બાપુજીએ આ વાતનો સ્વીકાર કર્યો.

મુંબઈ, કલકત્તા, દિલ્હી જેવા અનેક સ્થાનો પર મમ્મા સાથે સેવા કરવાનો અનોખો અવસર મુજ આત્માને પ્રાપ્ત થયો. એક વિષય પર ભાષણ કરવાની કળા પણ મમ્માએ જ મારામાં ખીલવી. મારા જીવનચરિત્રમાં ગુણ, શક્તિ, કલા, શિક્ષા અને વરદાનોના રૂહાની અનેક રંગો મીઠી મમ્માએ ભરી દીધા. હૃદયમાંથી સદૈવ અનહદ સ્વર, એજ સ્વર આજે પણ ગુંજે છે કે,'હે કાલરાત્રિ, હે કલ્યાણી, તેરા જોડા ધરા પર કોઈ નહીં, મેરી માઁ કે બરાબર કોઈ નહીં..'

## સરલાદીદી સાથેની સોનેરી પળો

નિર્દોષ બાળપણ, પરિવારમાં ધર્મ-ભક્તિવાળું વાતાવરણ, સાદગી પણ રોયલ સંસ્કારોના કુળમાં માત-પિતાની પાલના, મુંબઈ-દાદરની કિંગ જ્યોર્જ અંગ્રેજી માધ્યમની શાળામાં ભણતર, સેવાભાવી મન અને સ્વયં શિસ્તયુક્ત દિનચર્યા આ બધું તો જાણે પહેલેથી પ્રભુ પાસેથી મળેલી અમૂલ્ય વિરાસત હતી. આ અમૂલ્ય ખજાનો જનકલ્યાણ અર્થે વપરાય એ અમારા ત્રણેય લૌકિક બહેનોનો શુભ સંકલ્પ તો હતો જ.

મુંબઈમાં જ લૌકિક નાનીમાઁ સાથે સેવાકેન્દ્ર પર આવતા-જતાં આ ઈશ્વરીય જ્ઞાન મળ્યું અને પ્રભુ પ્રાપ્તિ તથા વિશ્વ સેવા માટેનો અમારો સંકલ્પ સાકાર થયો. પ્રજાપિતા બ્રહ્માબાબા અવાર-નવાર લૌકિક માતાજીને કહેતા - 'તુમ સચ્ચી-સચ્ચી ત્રિવેણી હો... યે તીનો જ્ઞાનગંગાયે અલગ-અલગ દિશાઓમેં જાકર પૂરે ભારત કા ઉદ્ધાર કરેગી' કારણ કે માતાજીનું નામ ત્રિવેણીબેન હતું. ત્યારબાદ ત્રણેય બહેનોએ સમયાંતરે બાબાના ઈશારા પ્રમાણે સંપૂર્ણ જીવન આ મહાયજ્ઞમાં સમર્પિત કર્યું. સૌથી મોટા નીમુદીદી (મુંબઈ - નેપન્સી રોડ), બીજા સરલાદીદી (અમદાવાદ - સુખશાંતિ ભવન), ત્યાર બાદ હું ભારતીબેન (રાજકોટ).

મને યાદ નથી કે અમે ત્રણેય બહેનો વચ્ચે અંદરો અંદર કોઈ લડાઈ થઈ હોય કે, ઝઘડો થયો હોય કે, ઉંચા અવાજે બોલ્યા હોય. હંમેશા પ્રેમથી હળી-મળીને જ રહ્યા છીએ. સરલાદીદી એ લૌકિક ભણતર પૂરૂ કર્યા બાદ એક વર્ષ સ્કૂલમાં શિક્ષકની નોકરી પણ કરી. બ્રહ્માબાબા જ્યારે સરલાદીદીને જોતાં ત્યારે હંમેશા એમ જ કહેતા - યે બચ્ચી પૂરે ગુજરાત કા ઉદ્ધાર કરેગી. શરૂઆતમાં મુંબઈમાં સાયન સેન્ટર પર દાદી બ્રિજેન્દ્રા સાથે એકાદ વર્ષ અમે સાથે રહ્યા. ત્યાર બાદ 6 વર્ષ સરલાદીદી પૂનામાં દાદી જાનકી સાથે સેવારત રહી બાબાના આદેશ પ્રમાણે ગુજરાતના કલ્યાણ અર્થે એક ગુજરાતી બેનની જરૂરિયાત છે એટલે બાબાની આજ્ઞાથી તેઓ અમદાવાદ આવ્યા. બાળપણથી જ મેં જોયું જેવું તેમનું નામ તેવા જ એ સરળ અને લાગણીશીલ હતા. માતેશ્વરીજી મીઠા મમ્મા પ્રત્યે તમને અધિક સ્નેહ અને સમ્માન હતું. અને તેમનું લક્ષ્ય પણ એવું જ હતું કે મારે મમ્મા જેવું બનવું છે.

**(અનુસંધાન પેજ નં. 10 પર)**

## સમર્પણ, માતૃત્વ અને સાદગીના દિવ્ય પ્રેરણાસ્ત્રોત

# માતેશ્વરી જગદંબા સરસ્વતી અને સરલાદીદીજી

બ્ર.કુ. ચંદ્રિકાબેન, અધ્યક્ષ - યુવા પ્રભાગ તથા આર્ટ એન્ડ કલ્ચરલ પ્રભાગ, મહાદેવનગર, અમદાવાદ



જૂન માસ માત્ર એક સમયખંડ નહી, પરંતુ આત્માને સ્પર્શતી ઘણી યાદો અને પ્રેરણાઓનો અવસર છે. આ મહિનો આપણને યજ્ઞના પ્રથમ પ્રશાસિકા માતેશ્વરી જગદંબા સરસ્વતી પ્યારા મમ્મા અને સાદગી તથા સરળતાના જીવંત પ્રતિબિંબ સરલાદીદીજીની મધુર યાદ અપાવે છે. બંને મહાન આત્માઓએ પોતાના જીવન દ્વારા સમર્પણ, સેવા, નિયમ, નિષ્ઠા અને માતૃત્વનો જે આદર્શ સ્થાપિત કર્યો છે, તે આજેય અનેક આત્માઓ માટે માર્ગદર્શક છે.

સરલાદીદીજીનો જન્મ કચ્છના જખૌ ગામે થયો. નાની વયે જ તેઓ બ્રહ્માકુમારીઝ સંસ્થા સાથે જોડાયા અને માત્ર 16 વર્ષની ઉંમરે પોતાનું સંપૂર્ણ જીવન પરમાત્માની સેવામાં સમર્પિત કરી દીધું. 1967 થી લઈને 52 વર્ષ સુધી તેમણે ગુજરાત ઝોનના મુખ્ય પ્રશાસિકા તરીકે અવિરત સેવાઓ આપી. એમના માર્ગદર્શન હેઠળ ગુજરાતમાં 500 થી વધુ સેવાકેન્દ્રો અને 4500 થી વધુ ગીતા પાઠશાળાઓ શરૂ થઈ. જેના દ્વારા સેંકડો ભાઈ-બહેનોએ આધ્યાત્મિક માર્ગ અપનાવ્યો.

સરલાદીદીજીનું વ્યક્તિત્વ સાદગી અને શક્તિનો અનોખો સમન્વય હતું. તેઓ નિશ્ચયબુદ્ધિ, સાહસ અને વિશાળ હૃદય ધરાવતા હતા. એમના નેતૃત્વ હેઠળ અનેક રાજયોગ શિબિરો, આધ્યાત્મિક પ્રદર્શનીઓ, નવદેવીઓની ચૈતન્ય ઝાંખીઓ અને આધ્યાત્મિક મેળાઓ સફળતાપૂર્વક યોજાયા.

આદરણીય પ્રકાશમણી દાદીજીની પ્રેરણા કે ‘સરલા, કોઈ મોટો પ્રોગ્રામ કરો’ જેને તેમણે હૃદયથી સ્વીકારી અને ગુજરાત યુનિવર્સિટીના મેદાનમાં લાખો લોકોના ભવ્ય કાર્યક્રમનું આયોજન કરીને યજ્ઞના ઈતિહાસમાં એક અનોખું પાનું ઉમેર્યું. સરળ સ્વભાવ અને માતૃત્વભાવના કારણે સરલાદીદીજીના સંબંધો સમાજના દરેક વર્ગ સાથે સ્નેહભર્યા રહ્યા- મુખ્યમંત્રી, રાજ્યપાલ, ન્યાયાધીશો, ઉદ્યોગપતિઓ અને ધાર્મિક આગેવાનો સુધી સૌએ એમના પ્રેમ અને સન્માનનો અનુભવ કર્યો. એમનું જીવન એ સાબિત કરે છે કે, સાદગીમાં પણ કેટલી વિશાળ શક્તિ છુપાયેલી હોય છે.

આ મહિનામાં આપણે પ્યારા મમ્મા માતેશ્વરી જગદંબા સરસ્વતીને પણ અંતઃકરણથી યાદ કરીએ છીએ. મમ્માનું જીવન દરેક માટે જીવંત પ્રેરણા સ્વરૂપ છે. કે કેવી રીતે એક સામાન્ય કુમારી પોતાના પુરુષાર્થ અને પરમાત્માના સહયોગથી વિશ્વકલ્યાણની મહાન શક્તિ બની શકે છે. નાની ઉંમરથી જ મમ્મા અત્યંત ચેતનાશીલ, સર્વગુણ સંપન્ન અને આકર્ષક વ્યક્તિત્વ ધરાવતા હતા. તેમની મીઠી વાણી, આત્મવિશ્વાસ અને આંતરિક શાંતિ દરેકને મંત્રમુગ્ધ કરતી હતી. પરંતુ એમનો સૌથી મોટો

ગુણ હતો, આંતરિક શુદ્ધતા અને દિવ્યતા.

ધ્યાની દાદીના મનમાં શરૂઆતથી જ એક એવો ભાવ રહ્યો કે 'મમ્મા બાબાના બની જાય.' પરંતુ તે સમયે આ વાત અશક્ય લાગતી હતી, કારણ કે મમ્મા ખૂબ જ ફેશનેબલ હતા અને તેમની સગાઈ પણ થઈ ગઈ હતી. પણ જ્યારે પ્રથમવાર મમ્મા પિતાશ્રી બ્રહ્માબાબાને મળ્યા ત્યારે બાબાની અમીદૃષ્ટિ એમના ઉપર પડી, ત્યારે એક અદભૂત પરિવર્તન થયું. બાબાએ તેમને પૂછ્યું, 'રાધે આપ કિસકી હૈ?' અને એ પ્રથમ દૃષ્ટિમાં જ મમ્માનું સંપૂર્ણ સમર્પણ થઈ ગયું. આ ઘટના માત્ર એક વ્યક્તિનું પરિવર્તન નહોતું, પરંતુ અનેક આત્માઓ માટે પ્રેરણાનો સ્ત્રોત બન્યો. મમ્માને જોઈને ઘણી કન્યાઓએ પણ પોતાના જીવનને પરમાત્મા માટે સમર્પિત કરવાનો નિશ્ચય કર્યો. મમ્માને ઘણા દાદીઓ, દીદીઓ અને ભાઈઓએ 'જગદંબા, લક્ષ્મી સ્વરૂપ' તરીકે અનુભવ્યા છે. એમનો ચહેરો દિવ્યશાંતિનો અહેસાસ કરાવતો, સ્વભાવ સ્નેહમય અને નિર્મળ હતો, અને એમની વાણી એટલી મીઠી અને શક્તિપૂર્ણ હતી કે તે સીધી હૃદયને સ્પર્શી જતી. તેઓ માત્ર પ્રશાસિકા નહોતા, પરંતુ એક સાચી આધ્યાત્મિક માતા હતા જેમણે દરેક આત્માને પોતાના સંતાન સમજીને પાલના આપી.

ખૂબ નાની ઉંમરે મમ્માએ પોતાનું સર્વસ્વ પરમાત્માને સમર્પિત કરી દીધું. તે સમય એવો હતો જ્યારે આ આધ્યાત્મિક માર્ગ એટલો સરળ નહોતો. પરિવારનો વિરોધ, સમાજની ટીકા અને અનેક પડકારો વચ્ચે પણ મમ્મા અડગ રહ્યા. યજ્ઞના પ્રારંભિક સમયમાં મમ્માની ભૂમિકા 'યજ્ઞ માતા' તરીકે અદ્વિતીય રહી. અનેક આત્માઓએ ઘર-પરિવાર છોડી આધ્યાત્મિક માર્ગ અપનાવ્યો, ત્યારે મમ્માએ દરેકને માતૃત્વ-ભાવથી સૌ કોઈને સંભાળ્યા, પ્રેમથી માર્ગદર્શન આપ્યું અને સંસ્કારોના મજબૂત પાયા પર આગળ વધાર્યા.

મમ્મા સરળતા અને શક્તિનો અદભૂત સમન્વય હતાં. તેઓ ઓછા શબ્દોમાં ઊંડું જ્ઞાન આપી શકતા હતા. **'જો તમારો આધાર પરમાત્મા છે, તો કોઈ પણ પરિસ્થિતિ તમને ડગમગાવી શકતી નથી' આવો શક્તિશાળી સંદેશ અનેક આત્માઓમાં નવી ઉર્જા જગાવી ગયો.'** મમ્મામાં રહેલી રોયલ્ટી, યજ્ઞ પ્રત્યેનો અતૂટ પ્રેમ, બાબા પ્રત્યેનો અડગ નિશ્ચય, નિયમનિષ્ઠા અને સમયની સંપૂર્ણ પાબંદી આ બધું તેમણે યજ્ઞવત્સોને પોતાના વ્યવહારિક જીવન દ્વારા કરીને શીખવ્યું.

એકવાર કર્ફ્યુના સમયમાં સાકાર બાબા અચાનક કુંજ ભવનમાં આવ્યા અને ક્લાસ માટે સંદલી પર બેસી ગયા. મમ્મા માત્ર એક મિનિટ મોડા થયા. પરંતુ નિયમ પ્રત્યેની તેમની નિષ્ઠા એટલી મજબૂત હતી કે તેમણે ક્લાસમાં પ્રવેશ કર્યો નહીં. તેઓ સીડી પર બેસીને બાબાની વાતો સાંભળવા લાગ્યા. બધાએ વિનંતી કરી કે, અંદર આવી જાઓ, પરંતુ બાબા પ્રત્યેનો આદર અને નિયમપાલન એમને રોકી રહ્યા. જ્યારે બાબાને આ વાતની ખબર પડી, ત્યારે બાબાએ પ્રેમથી તેમને બોલાવ્યા અને ત્યારબાદ જ મમ્માએ ક્લાસમાં પ્રવેશ કર્યો. આ પ્રસંગ મમ્માના જીવનમાં રહેલી નિયમનિષ્ઠા અને આદરભાવનું અદ્‌ભુત ઉદાહરણ છે.

આ સિવાય પણ દીદી-દાદીઓના જીવનમાં મમ્મા સાથેના અનેક પ્રસંગો જોવા મળે છે, જે આપણને પ્રેરણા આપે છે. જયંતિદીદીના માતાજીએ પૂછ્યું, 'અમે પાછળથી આવ્યા છીએ, તો હવે અમારા માટે શું પુરુષાર્થ?' ત્યારે મમ્માએ ખૂબ સુંદર રીતે સમજાવ્યું કે જે વહેલા જ્ઞાનમાં આવે છે તે જ માળાના મણકા બને અને પાછળથી

આવનાર ન બની શકે એવો કોઈ નિયમ નથી. આ વાતને સ્પષ્ટ કરતાં તેમણે ઉદાહરણ આપ્યું. કોઈ ચાલીને જાય, કોઈ ગાડામાં જાય, કોઈ ટ્રેનમાં કે કોઈ વિમાનમાં જાય. જે ચાલીને જાય છે તે વહેલા નીકળે છે, અને વિમાનથી જનાર થોડા મોડા નીકળે, પરંતુ અંતે પહોંચવાનું મહત્વપૂર્ણ છે.

**મમ્માએ સમજાવ્યું કે ડ્રામા એક્યુરેટ (ચોક્કસ) છે, ન્યાયકારી છે જે દરેક સાધકને યોગ્ય સમયે મદદ કરે છે. તેથી વ્યર્થ વિચારોમાં સમય અને શક્તિ બગાડવાના બદલે નિરંતર પુરુષાર્થ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. આ રીતે મમ્માએ સરળ ભાષામાં ઊંડું જ્ઞાન આપી 'મમ્મા સરસ્વતી' નામને સાકાર કર્યું.**

મમ્માએ તેમના જીવનથી શીખવ્યું કે સાચું સમર્પણ શું છે, કોઈ પણ સ્થિતિમાં અડગ કેવી રીતે રહેવું અને દરેક આત્માને પ્રેમથી કેવી રીતે સાથે જોડવા. તેમણે અનેક "શિવ શક્તિઓ"ને તૈયાર કરી, જેમણે પોતાનું જીવન સેવા માટે સમર્પિત કર્યું. આજે સમગ્ર વિશ્વમાં ચાલતી આધ્યાત્મિક સેવાઓમાં એમના સંસ્કારોની સ્પષ્ટ છાપ જોવા મળે છે.

**મમ્મા અને સરલાદીદીજી બંનેનું જીવન એક જ સંદેશ આપે છે, 'સમર્પણમાં શક્તિ, સાદગીમાં મહાનતા અને સેવા દ્વારા જીવનનું સાચું મૂલ્ય પ્રાપ્ત થાય છે.' આ સ્મૃતિદિવસે આપણે તેમના ચીંધેલા માર્ગ પર ચાલી, આપણામાં પવિત્રતા, નિયમ-નિષ્ઠા, સેવા અને સમર્પણ લાવીએ. દરેક આત્મા પ્રત્યે પ્રેમ, કરુણાનો ભાવ રાખી, મનસા દ્વારા વિશ્વમાં શાંતિ અને સુખના પ્રકંપનો ફેલાવીએ. પ્યારા મમ્મા અને આદરણીય સરલાદીદીજી માટે આ શ્રદ્ધાંજલિ છે.** ॥ઓમ શાંતિ ॥

**(પેજ નં. 07નું અનુસંધાન)... મમ્મા સાથેનો**

એટલે તેઓ ખાસ મમ્માની ધારણાઓને અનુસરતા. કાયમ ખૂબ ઉમંગ-ઉત્સાહમાં જ હોય પછી એ મુરલી ક્લાસ હોય કે ભાષણનો કાર્યક્રમ હોય. મેં હંમેશા એમને સેવા માટે દોડતા જ જોયા છે. દિવસ હોય કે રાત, તડકો હોય કે છાયો કે વરસાદ હોય, તબિયત સારી ન હોય કે કોઈ તકલીફ હોય, પણ સદૈવ અથક, હિમ્મતવાન, એકદમ સ્ફૂર્તિ સાથે દિલથી દરેક જવાબદારી નિભાવતા જોયા છે.

તેઓ નાના-મોટા ગૃહસ્થી કે સમર્પિત ભાઈ-બહેનોના મનની વાત ખૂબ શાંતિથી સાંભળી, તેમને હળવા કરી, સંતુષ્ટ કરી સમાધાન પણ આપી દેતા. એટલે જ એ મમ્મા સમાન સર્વને માતૃ સ્વરૂપા લાગતા હતા. મધુબન મહાયજ્ઞ અને સર્વ દાદીઓથી તો સદા નજદીક અને સંપૂર્ણ વફાદાર. જ્યારે પણ મધુબનથી કોઈ આદેશ મળે અથવા તો કોઈ દાદીઓ કે મહારથી ભાઈઓ સ્વાસ્થ્ય લાભ અર્થે અમદાવાદ હોસ્પિટલમાં રોકાયા હોય તો દીદી ભોજન કે આરામ વગર ત્યાંજ બેસી રહે. રેલ્વે સ્ટેશન પર કે એરપોર્ટ પર પણ ચા-નાસ્તો પહોંચાડવાનો હોય તો દીદી હંમેશા એવરરેડી.

અમે ક્યારેય લૌકિક બહેનોની જેમ નથી રહ્યા પરંતુ રૂહાની સ્નેહ જરૂર હતો. આ સમર્પિત જીવન યાત્રામાં મને એમની પાસેથી ઘણું બધુ શીખવા મળ્યું. સમયાંતરે મારામાં હિમ્મત અને બળ ભરતા, બેહદ યજ્ઞ પ્રતિ સમીપતા, સમ્માન, સહયોગ અને વફાદારી એમની પાસેથી શીખી છું. ગુજરાતની સેવાઓનું સફળ સુકાન સંભાળી, અવ્યક્તરૂપમાં આજે પણ તેઓ આપણી સાથે જ છે એવો હું હંમેશા અનુભવ કરું છું.

॥ ઓમ શાંતિ ॥

# મમ્માની શિક્ષાઓ

## બ્ર.કુ. કૈલાશદીદી, ગાંધીનગર



મારું નામ કૈલાશ છે. બાબા અને મમ્મા મને 'કૈલાશ પહાડી' કહીને બોલાવતા હતા. હું જ્ઞાનમાં 1957માં આવી હતી. મને સેન્ટર ખૂબ જ ગમતું હતું, જ્ઞાન પણ ખૂબ જ ગમતું હતું. બહેનોને જોઈને મારા દિલમાં હંમેશાં આવતું કે હું બ્રહ્માકુમારી બનીને બાબાના ઘરમાં સેવા કરું.

મારા સાથે સેન્ટર પર આવતી એક કુમારીને મેં કહ્યું કે મને પણ બ્રહ્માકુમારી સેન્ટર પર રહેવું છે. ત્યારે તે કુમારીએ મારા ઘરવાળાઓને, સેન્ટરના ભાઈ-બહેનોને અને દીદીજીને પણ કહી દીધું કે કૈલાશ સેન્ટર પર રહેવા માંગે છે. આ સાંભળી બધા લોકો હસવા લાગ્યા અને એકબીજા સાથે વાતો કરવા લાગ્યા કે 'આ તો ભણેલી નથી, તો બ્રહ્માકુમારી કેવી રીતે બનશે.' ઘણા લોકોએ કહ્યું કે તમે ભણેલા નથી એટલે તમે બ્રહ્માકુમારી બની નહીં શકો.

પછી મેં એ જ કુમારી દ્વારા બાબા-મમ્માને પત્ર લખાવ્યો. તેમાં મેં મારો પરિચય લખ્યો અને પૂછ્યું કે શું હું સેન્ટર પર બ્રહ્માકુમારી બનીને રહી શકું? ત્યારબાદ બાબા-મમ્માનો જવાબ આવ્યો કે 'બાળિકા, તું ગયા જન્મમાં પણ બ્રહ્માકુમારી હતી, હમણાં પણ છે અને સદા રહેશે.'

આ વરદાન મળતા મને ખૂબ આનંદ થયો અને હું બધાં કામ ખૂબ ખુશીથી કરવા લાગી. 10-12 દિવસ પછી દીદીજીએ કહ્યું, 'કૈલાશ, તું બહુ ખુશ દેખાઈ રહી છે' મેં કહ્યું, 'દીદી, મમ્માનો પત્ર આવ્યો છે ને!' ત્યારે દીદીજીએ કહ્યું, 'અરે, એ તો તને ખુશ કરવા માટે લખ્યું છે, સાચે તું બ્રહ્માકુમારી બની શકતી નથી.'

આ સાંભળીને મને ફરી દુ:ખ થયું અને મનમાં આવ્યું કે કદાચ મમ્મા-બાબા પણ ફક્ત વાતો જ કરે છે. પછી હું 2-3 કલાક સુધી વ્યાસ નદીના કિનારે યોગમાં બેઠી રહી. પછી મારો નાનો ભાઈ મને બોલાવવા આવ્યો અને હું ઘરે ગઈ.

પછી મેં ફરી એ જ બહેન દ્વારા બાબા-મમ્માને પત્ર લખાવ્યો. મેં મમ્માને મારી બધી કમીઓ લખી મોકલી - 'મારું નામ કૈલાશ છે, હું હિમાચલ પ્રદેશમાં રહું છું, હું ભણેલી નથી, હું બોલી શકતી નથી. મને કોઈ કામ આવડતું નથી, તેથી મારા દીદી, ભાઈ-બહેનો અને સેન્ટરના લોકો પણ મને ત્યાં રહેવાની ના પાડે છે. દીદી કહે છે કે તું બે મહિના માં પાછી આવી જશે, તેથી ઘરે જ રહે.'

પછી મેં મમ્માને પૂછ્યું કે 'મારે એવું શું ધ્યાન રાખવું કે હું ક્યારેય સેન્ટર છોડીને પાછી ઘરે ન આવું?'

મમ્માએ પત્રમાં જવાબમાં શિક્ષાઓ આપી, જેના કારણે આજે હું બ્રહ્માકુમારી બનીને બાબાની સેવા કરી રહી છું,

**પહેલી શિક્ષા -** બાળિકા, જ્યારે તું ઘર છોડીને બાબાના ઘરમાં આવે ત્યારે એવું સમજવું કે હું રાજીખુશીથી આવી છું. હવે મરી જાઉં તો મારી અર્થી નીકળશે પરંતુ હું પાછી નહિ જાઉં.

**બીજી શિક્ષા -** જ્યારે સેન્ટર પર આવો ત્યારે સમજવું કે આ જ મારૂ સાચું ઘર છે, હવે આ સિવાય બીજું કોઈ ઘર નથી.

(અનુસંધાન પેજ નં. 15 પર)

# મમ્મા સાથેની સુમધુર ક્ષણો

બ્ર.કુ. સુષ્માબેન, જામનગર



આજે આપણે માતેશ્વરી જગદંબા સરસ્વતી (મમ્મા) સાથેના યાદગાર ક્ષણો આપણી સમક્ષ રાખવા જઈ રહ્યા છીએ. અમને આ જ્ઞાન સાથે જોડાયા એને 64 વર્ષ થવા જઈ રહ્યા છે. એટલે અનેક વખત મમ્મા સાથે મળવાનું તેમજ અલૌકિક પાલના લેવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. અને જયારે પહેલી વાર મમ્મા અંબાલા કેન્ટ માં આવ્યા હતા, ત્યારે અમે નવાં-નવાં બાબાના બાળકો બન્યા હતા. ધ્યાની દાદીજી તેમજ રાધે દાદીજી પણ એ સમયે હતા. દાદીજીએ કહ્યું કે 'મમ્મા અંબાલા કેન્ટ આવી રહ્યાં છે, તો ખુબ જ સારી રીતે સ્વાગત કરવાનું છે.' ત્યારે અમારા લૌકિક પિતાજીને મમ્માનાં સ્વાગત માટે ખુબ જ શોખ હતો. તો એમણે મમ્માનાં સ્વાગત માટે ખુબ જ સુંદર કમળનાં આકારની પાંખળીઓ બનાવી અને તે પાંખળીઓને એક ગોળ ટેબલ લઈને ગોળાઈમાં લગાવી, કમળ જેવો આકાર આપ્યો. અને તેમાં એવી સિસ્ટમ ગોઠવી કે મમ્મા જયારે એ ટેબલ પર બેઠા, તો કમળ ખીલતું હોય તેવું સુંદર દ્રશ્ય આંખોની સામે હતું. જેનું વર્ણન શબ્દોમાં ના કરી શકાય. એ સમયે અંબાલામાં 80 યુગલો એવા હતા કે જે સંપૂર્ણ ધારણાઓ પર હતાં. ત્યારે મમ્માએ કહ્યું કે, 'અંબાલા અર્થાત્ અંબાનું નામ બાલા કરવા વાળા.' લૌકિક પિતાજીએ ખુબ જ સુંદર ભાંગડા, નૃત્ય, પંજાબી ટપ્પા આ બધું અમારા થી (બાળકો થી) કરાવ્યું હતું. અને પછી અમે બાળકો મમ્માનાં ખોળા માં બેસી જતા હતાં. અને મમ્મા પણ ખુબ જ પ્યાર અમને પોતાના હાથેથી ટોલી ખવડાવતા હતા. મમ્મા જ્યાં જતા હતાં, તો ત્યાં ના ભાઈ - બહેનો અમને પણ બોલાવતા હતાં. મમ્માએ અમારા બાળકોના ગ્રૂપનું નામ 'ભાંગડા પાર્ટી' રાખ્યું હતું.

પછી બીજી વખત મમ્મા જયારે આવ્યા, તો ધ્યાની દાદીજીએ કલાસમાં કહ્યું કે, 'ખાંડ બહુ મોંઘી થઈ ગઈ છે, તો બાબાનાં ઘરે ખાંડ જોઈશે.' તો માતા-પિતાએ ઘરે આવીને અમને બાળકોને કહ્યું કે, આજથી આપણે બધા ગોળની ચા પીશું. ત્યારથી લઈને અમે લોકોએ ઘણા સમય સુધી ગોળની ચા પીતા રહ્યાં અને ઘરમાં જે ખાંડનો સ્ટોક આવતો એ બાબાનાં ઘરે આપતા. તો અમારો પરિવાર સંપૂર્ણ રીતે બાબાનાં ઘરમાં સહયોગી બન્યા. મમ્મા જયારે અંબાલા આવ્યા ત્યારે આર્યસમાજી લોકો ખૂબ જ તંગ કરતા હતા ત્યારે એ લોકોએ જીદ પકડી કે અમારે તો માતેશ્વરીજીને મળવું જ છે અને ખૂબ જ પ્રશ્ન પૂછવા છે. તો જ્યારે મમ્માને કહ્યું કે આવી રીતે આર્ય સમાજના લોકો આપને મળવા ઈચ્છે છે તો મમ્માએ કહ્યું કે કંઈ વાંધો નહીં, બાળકોને બોલાવું અને પછી બધા મમ્મા પાસે ગયા, મમ્મા તો બાબાની યાદમાં બેઠા હતા. મમ્માએ બધા આવેલા ભાઈઓને બહુ સુંદર બાબાની વાતો સંભળાવી જ્ઞાન સંભળાવ્યું, પછી મમ્માએ બધાને પૂછ્યું કે હવે તમારે કંઈ પ્રશ્ન પૂછવા છે કાંઈ એવી વાતો પૂછવી છે તો બધાએ કહ્યું કે ના અમારે કંઈ પૂછવું નથી પછી માતેશ્વરીએ જઈને બધા ભાઈઓને ટોલી પણ ખવડાવી અને પછી બધા બહાર આવી ગયા. બહાર આવી અને બધા એકબીજાને પૂછવા

લાગ્યા કે તમે કેમ પ્રશ્ન ન પૂછ્યા? તમે કેમ વાત ન આગળ વધારી પરંતુ કોઈ મમ્મા પાસે જઈ અને મમ્માની સામે બોલી ન શક્યા. એટલી મમ્મા પાવરફુલ યોગની શક્તિ હતી. તો એ સમયે મારા પેપર પણ હતા તો હું તો આખો દિવસ મમ્મા પાસે જ રહેતી હતી. પેપરમાં જે અમારું પ્રેક્ટીકલ થવાનું હોય બુકમાં સહી વગેરે કશું કરાવ્યું ન હતું તો હું પછી ગઈ તો પછી અમારા ટીચર બાકી રહેલું બધું કરી આપ્યું. એ જ દિવસે મારું પેપર હતું પ્રેક્ટીકલનું પરંતુ અમે તો કંઈ તૈયારી કરેલી ન હતી તો એના કારણે બાબાને યાદ કર્યા કે બાબા મેં તો કંઈ તૈયારી કરી નથી પછી મારો રોલ નંબર આપજો તો પછી એ સમયે ખબર નહીં મારી તબિયત અચાનક ખરાબ થઈ ગઈ મને ખૂબ જ તાવ આવી ગયો તો એમને કહ્યું મને કે તમે આ હાડકાને હાથમાં લઈ અને બતાવો કે આ ક્યુ હાડકું છે કોનું હાડકું છે તો મેં તો પછી કહ્યું કે અમે તો બ્રાહ્મણ છીએ એટલે અમે હાડકાને હાથ ન લગાવી શકીએ તો પછી એમણે પૂછ્યું કે કેમ તમારી તબિયત ઠીક નથી કે તો પછી મેં કહ્યું કે હા થોડોક તાવ છે તો એમણે કહ્યું કે ઠીક છે તમારું પ્રેક્ટીકલ થઈ ગયું છે તમે જઈ શકો છો. એ સમયે સ્કૂલના આઠ ધોરણના પેપર બોર્ડના પેપર ગણવામાં આવતા. તો એના કારણે આ વિજ્ઞાન અને એમનું પ્રેક્ટીકલને બધું ચાલતું હતું. પરંતુ જ્યારે રિઝલ્ટ આવ્યું ત્યારે સૌથી વધારે માર્કસ મને એ જ વિષયમાં આવ્યા હતા. જે વિષયમાં મેં કશું જ કંઈ આપ્યું જ નહોતું. તો અમે જોયું કે મમ્મા સાથે રહ્યા તો બાબાએ ખૂબ જ મદદ કરી.

એક વખત અમે લોકો મમ્મા સાથે ફોટો પડાવવા માટે ગયેલા ત્યારે ધ્યાની દાદી પણ હતા તો હું તો ઉભી હતી અને આગળ આગળ ઘણી બધી ફેશનેબલ કુમારીઓ હતી. તો એ લોકો માત્ર ને માત્ર મળવા જ આવતા હતા અને એવી જ રીતે દાદી એ કન્યાઓને આગળ રાખી અને હું તો પાછળ ઉભી હતી અને ત્યારે મમ્માએ મને પૂછ્યું કે બચ્ચી તું બ્રહ્માકુમારી બનીશ? તો મેં કહ્યું જી મમ્મા. તો ત્યારે મેં હા તો પાડી દીધી પણ પછી મમ્માએ મને કહ્યું કે જો તમે બ્રહ્માકુમારી બનશો તો હું સંપૂર્ણ દેશી ઘીનો હલવો બનાવીને ખવડાવીશ. મમ્માએ ફરીવાર પૂછ્યું કે પાક્કું બનશો ને બ્રહ્માકુમારી? તો મેં ફરી કહ્યું જી મમ્મા હું તો ખૂબ જ ખુશ થઈ ગઈ અને મને મમ્મા સાથે પ્રેમ પણ ઘણો હતો. તો અમે જોયું કે એ વાત અમારી મમ્મા સાથેની મારા માટે એક વરદાનરૂપ બની ગઈ. કારણકે મમ્માએ બાકી કોઈ કન્યાઓને ન પૂછ્યું કે બ્રહ્માકુમારી બનશો. ક્યારેક ક્યારેક મમ્મા સાથે રહેતા તો મમ્મા ઘણી સારી સારી જ્ઞાનની વાતો સંભળાવતા.

એક વખત એવું થયું કે અમારા લૌકિક પિતાજીને મકાન લેવાનું હતું. પરંતુ આર્થિક રીતે એમનું એ મકાનનું ભાડું ખૂબ જ વધારે હતું તો ધ્યાની દાદીએ કહ્યું કે મમ્મા આમને તમારી સાથે વાત કરવી છે એટલે અમારા માતા-પિતા માટે. તો પછી મમ્માએ કહ્યું બોલો. શું વાત છે ? ત્યારે અમારા પિતાજીએ કહ્યું કે અમારે ઘરની થોડી સમસ્યા છે અને આખો પરિવાર જ્ઞાનમાં ચાલીએ છીએ પરંતુ મકાન થોડુંક મોંઘુ છે તો પછી મમ્માએ કહ્યું કે બચ્ચે કંઈ વાંધો નહીં બધું થઈ જશે તમે ચિંતા ન કરો બાબા બેઠા છે અને પછી સાચું પૂછો તો મમ્માના આ વરદાની મહાવાક્ય સાચી રીતે અમારે ફલીભૂત થયા. ત્યારે આવી કોઈ વાતો દાદી સાથે થતી નહિ, પરંતુ ખાસ ધ્યાની દાદી એ આ વાત સાંભળીને મમ્માને પુછવાનું કહ્યું.

એક સમયે મમ્મા કાનપુર કે લખનઉ થી આવવાના હતા, તો અમે બધા ભાઈ - બહેનો

મમ્માને રેલવે સ્ટેશન મળવા ગયા. તો ત્યારે મમ્માનું રૂપ એક માઁ સમાન અનુભવ કર્યું કે જેમ માઁ પોતાના બાળકોને શિક્ષા આપી રહી હોઈ. ત્યારે મમ્માએ કહ્યું કે હવે મને યાદ ન કરતા, હવે બડી માઁ ( શિવબાબા )ને જ યાદ કરજો. છોટી માઁ ને યાદ ના કરતા. અને ત્યારે એવું લાગતું હતું કે ખરેખર આ દુર્ગા માઁ - સરસ્વતી માઁ જ છે. આ રીતે પછી મમ્માએ આ શિક્ષાઓ આપી.

અને પછી મમ્માએ કેમ કહ્યું હતું એ કોઈ સંકલ્પ નહોતો અને થોડા દિવસો પછી મમ્માએ શરીર છોડી દીધું. મમ્મા તો મધુબન પહોંચી ગયા હતા. આ રીતે પછી જ્યારે મમ્મા પાછા આવ્યા, ત્યારે અમે જોયું કે મમ્માએ શરીર છોડી દીધું. જ્યારે પાછા ગયા, ત્યારે એ સમયે માતા-પિતા ઘરે આવ્યા અને રડી રહ્યા હતા. અમને તો ખબર નહોતી, તો અમે કહ્યું, કેમ માતાજી-પિતાજી તમે રડો છો? તો તેમણે કહ્યું કે આજે મમ્માએ શરીર છોડ્યું છે, મમ્મા ચાલી ગયા છે. બાળકોને તો ખબર નહોતી, એટલે અમે કહ્યું, ક્યાં ચાલી ગયા છે મમ્મા? ક્યાં ચાલી ગયા છે મમ્મા? તો જ્ઞાનની ઊંડાણભરી રીતે સમજાવવામાં આવ્યું કે મમ્માએ આ દેહ છોડીને બાબા પાસે ચાલ્યા ગયા છે. તો અમે બાળકોને પણ રડવું આવી ગયું. એટલા રડ્યા અને મને વિચાર આવ્યો કે હવે મમ્મા ચાલી ગયા છે તો યજ્ઞને દેશી ઘીનો હલવો કોણ ખવડાવશે? એ વિચાર મને આવ્યો. એટલી સમજ તો ત્યારે નહોતી.

પછી એ જ દિવસે એક બહુ સુંદર ગીત નીકળ્યું હતું, 'મેરે લાડલો તુમ ફૂલો ફલો.' તેમાં આગળ બધા જ્ઞાનના શબ્દો છે. એ ફિલ્મ સંત જ્ઞાનેશ્વરની હતી. એ ગીત છે, તમે પણ સૌ સાંભળજો, તમને ખરેખર લાગશે કે આ મમ્માનું ગીત છે. મને લાગે છે કે મમ્માએ દેહ છોડ્યો એ દિવસે જ એ ગીત નીકળ્યું હતું. ત્યારે બહુ દુઃખ થયું હતું. અમે તો નાનાં બાળકો હતા. પછી રેડિયોમાં એ ગીત વારંવાર આવતું હતું, કારણ કે કદાચ એ નવું શરૂ થયું હતું. અવાજ પણ બહુ મીઠો હતો.

મમ્માએ જે કર્યું, મમ્માને જોતા જ એવું લાગતું હતું કે બસ આખો દિવસ મમ્મા પાસે બેઠા રહીએ અને બીજું કશું ન કરીએ, બસ મમ્માને જ જોતા રહીએ. મમ્માની પાલના મને સૂક્ષ્મ રીતે બહુ મળતી રહી છે. એવું લાગતું હતું કે જ્યારે હું સેવામાં નીકળી, કારણ કે બ્રહ્મા બાબાએ મને જાતે ઓફર કરી હતી કે બાળક, સેવામાં નીકળો, અને એ ઓફર અમે સ્વીકારી અને પછી બાબાની સેવામાં નીકળી ગયા. તેથી મમ્માએ મને વરદાન આપ્યું હતું અને બાબાએ એ વરદાનને સંપૂર્ણ રીતે એકદમ પાક્કું કરી દીધું હતું.

એટલે એ ગીત મને બહુ યાદ આવે છે. એ દિવસો કેટલા પ્રિય હતા. બાબા-મમ્માની પાલના અમને મળી અને અમે અમારું જીવન શ્રેષ્ઠ બનાવ્યું. બાળપણમાં જ્યારે પણ મમ્મા આવતા, ત્યારે ગીતો ગાતા, નાચ કરતા, ભાંગડા કરતા. આ રીતે અમારું બાળપણ પૂરું થયું. પછી તો બસ બાબાએ જે કહ્યું એ જ રીતે અમે ચાલતા રહ્યા.

હવે મનમાં એક જ વાત રહે છે કે બસ બાબા તમે જે કહો છો એ જ અમારે કરવું છે. અમને ક્યારેય કોઈ વાતમાં સંશય આવ્યો નથી, કારણ કે સમસ્યાઓ તો આવતી રહે છે અને ખરેખર આવવી પણ જોઈએ. પરંતુ જો આપણે બાબા અને મમ્માને સામે રાખીને ચાલીએ તો આપણે બહુ ખુશ રહીએ છીએ. અને મને હમણાં સુધી લગભગ 46 વર્ષ થઈ ગયા જામનગરમાં, છતાં આજ સુધી મને એવું લાગ્યું નથી કે હું કોઈ સમસ્યાઓને અધીન થઈ. કારણ કે મમ્મા-બાબાની પાલના હતી.

મમ્મા-બાબા હંમેશા અમારી સાથે રહ્યા છે, તેથી બાબા અમારી સમસ્યાઓને દૂરથી જ દૂર રાખી દે છે, જેથી મારી પાસે સમસ્યા ક્યારેય આવી નથી. આ રીતે અમારી ફેમિલી ચાલી. બાબાએ અમારી ફેમિલીને સપ્ત ઋષિનું ટાઇટલ આપ્યું હતું. આ રીતે હવે માતા-પિતા અને મોટા ભાઈ એડવાન્સ પાર્ટીમાં ગયા છે. કારણ કે અમે લોકો બહુ જૂના હતા. અને એટલું સારું લાગે છે કે બસ એટલું જ છે કે બાબાનો હાથ ક્યારેય છૂટશે નહીં. આ આપણા ભગવાનની ગેરંટી છે. મમ્માને પણ અમે આપણું બધું આપી દીધું છે, હાથમાં હાથ. બસ જ્યાં સુધી બાબા છે, જ્યાં સુધી પ્રાણ શરીરમાં છે, ત્યાં સુધી અમારું આ ચાલતું જ રહે. બાબાની સેવા દિવસે દિવસે થતી જાય છે.

આ રીતે હવે અમારે બસ બાબા અને મમ્મા છે, ત્રીજું કોઈ છે જ નહીં. હાલમાં અમે અહીં જ જામનગરમાં છીએ અને દ્વારકામાં પણ આપણું બહુ મોટું મ્યુઝિયમ સારી રીતે ચાલી રહ્યું છે. આ રીતે આપણે બાબાને સારી રીતે પ્રકાશિત કરવાના છે. અંદર એક ધૂન લાગી છે કે કેટલી પણ સમસ્યાઓ આવે, બસ બાબાને પ્રત્યક્ષ મને, આત્માને કરવાના છે. પેપર તો આવતા રહે છે, આવતા રહેશે, પરંતુ આપણે જ્ઞાનની અગ્નિ, યોગની અગ્નિથી આપણા પેપરોને બાળતા રહીએ છીએ.

**॥ ઓમ શાંતિ ॥**

બ્રહ્માકુમારી વિદ્યાલયનો ઈતિહાસ જાણવા માટે અને પ્રજાપિતા બ્રહ્માની જીવન કહાની જોવા માટે હિન્દી ફિલ્મ **'ભાગ્ય વિધાતા'** અવશ્ય જુઓ. હવે youtube ઉપર ફ્રી જોઈ શકો છો. બ્રહ્માકુમારી ફિલ્મ **'ભાગ્ય-વિધાતા'** લખીને સર્ચ કરવું. અથવા QR Code સ્કેન કરશો તો પણ **'ભાગ્ય-વિધાતા'** ફિલ્મ ખુલશે.

(પેજ નં. 11નું અનુસંધાન)... **મમ્માની શિક્ષાઓ**

**ત્રીજી શિક્ષા -** બાબાના ઘરમાં ઘણી આત્માઓ આવે છે અને પોતાની વાતો કરે છે, તો ક્યારેય એકની વાત બીજાને કહીને પરચિંતન ન કરવું અને કોઈનું મન દુઃખાવવું નહીં.

**ચોથી શિક્ષા -** બાબાના ઘરમાં મમ્મા-બાબા અથવા દાદીઓ જ્યાં રાખે, જેના સાથે રાખે, જે મળે, જેમ મળે તેમ રહેવું. તારે બધાનું ધ્યાન રાખવાનું છે, તારું ધ્યાન કોઈ નહીં રાખે.

આ બધી શિક્ષાઓ મને ખૂબ ગમી. પહેલેથી જ મમ્માએ મને સાવચેત કરી દીધી અને મને આ વાત પણ ગમી કે મારે બધાનું ધ્યાન રાખવાનું છે, મારું કોઈ નહીં રાખે – આથી હું નિશ્ચિત થઈ ગઈ.

આ મમ્મા-બાબાની શિક્ષાઓએ મને જીવન જીવવાનું શીખવી દીધું – કેવી રીતે રહેવું, કેવી રીતે ચાલવું – આ બધું મને મમ્માની શિક્ષાઓથી જ મળ્યું. આજે હું બાબાની બનીને સારું જીવન જીવી રહી છું અને સંગમ યુગની મારી યાત્રા ખૂબ સફળ રહી છે.

જ્યારે મમ્મા જલંધર આવ્યા ત્યારે ચંદ્રમણી દાદીએ મને કહ્યું કે 'કૈલાશ, તારે મમ્મા સામે પહાડી અને પંજાબી ગીત ગાવાનું છે.' ત્યારે મેં જલંધરમાં પહાડી ગીત ગાયું અને અમૃતસરમાં પંજાબી ગીત બનાવીને ગાયું.

મમ્મા અમૃતસરમાં હતા અને પંજાબી જાણતા હતા. જ્યારે મેં પંજાબીમાં ગીત ગાયું ત્યારે મમ્મા ખૂબ ખુશ થયા અને તરત જ મને બોલાવીને ખૂબ પ્રેમથી ગોદમાં લઈ લીધી. પછી મમ્માએ મને ખૂબ સુંદર ભેટ પણ આપી.

આવી હતી અમારી મીઠી મનહરણી મા, જેના પાલનમાં પલવાનો મોકો મને ડ્રામા અનુસાર મળ્યો અને એ જ વરદાનોએ મને આગળ વધારી

**॥ ઓમ શાંતિ ॥**

# આદિ દેવી માં જગદંબા
# માતેશ્વરી સરસ્વતી જી

બ્ર.કુ. હેમંતભાઈ, શાંતિવન, આબુ રોડ



નવરાત્રીનો પાવન પર્વ આવતાં જ ભક્તો દેવીઓના નવ રૂપોની ઝાંખીઓ સજાવે છે. નવ દિવસ નવદુર્ગાની પૂજા-પ્રાર્થનાથી મંદિરો ગુંજી ઉઠે છે. પણ આશ્ચર્ય! સરસ્વતી, અંબા, દુર્ગા, સંતોષી, શીતળા અને ભવાની આદિ દેવીઓ કુમારી હોવા છતાં તેમની માતા રૂપે મહિમા કેમ કરવામાં આવે છે! શું આ દેવીઓ અલગ-અલગ છે કે એકના જ વિવિધ રૂપો છે? જી હાં, વાસ્તવમાં પુરુષોત્તમ સંગમયુગમાં નિરાકાર શિવ બ્રહ્માતનમાં અવતરિત થાય છે, ત્યારે બ્રહ્મામુખકમળ દ્વારા જ્ઞાન પ્રાપ્ત કરી બ્રહ્માની માનસપુત્રી બની, શિવવંશી બ્રહ્માકુમારી 'ઓમરાધે' જ શિવ દ્વારા આપવામાં આવેલા 'માતેશ્વરી જગદંબા સરસ્વતી'ના નામથી પ્રસિદ્ધ થાય છે.'ઓમરાધે' કન્યા હોવા છતાં 'જગતમાતા'ના સ્વમાનમાં સ્થિત થાય છે અને અષ્ટ શક્તિઓથી સંપન્ન બની, સાક્ષાત્ સ્નેહશક્તિ-સ્વરૂપા'માં જગદંબા'નું રૂપ ધારણ કરે છે અને દેવીઓના નવ સ્વરૂપોમાં પૂજાય છે.

માતેશ્વરીજીનો દૈહિક જન્મ સન્ ૧૯૧૯માં સુવર્ણનગરી અમૃતસરમાં થયો હતો. પિતા 'પોકરદાસ' અને માતા 'રોચા' એ કન્યારત્નને દિવ્ય નામ આપ્યું, 'રાધે' પિતાજી સોના-ચાંદીના વેપારી હતા, સાથે જ તેઓ દેશી ઘીનો જથ્થાબંધ વેપાર કરતા હતા. રાધેની મોટી બહેન 'પાર્વતી' પરિણીત હતી. પિતાનો વેપાર મદ્રાસ (ચેન્નાઈ) અને સિલોન (શ્રીલંકા)માં હતો. અચાનક અણધારી ઘટના બની, પિતાજીને વેપારમાં ખોટ ગઈ, જેના આઘાતથી પિતા હાર્ટ એટેકને કારણે અવસાન પામ્યા. રાધે, માતા અને નાની બહેન 'ગોપી' સાથે સિંધ હૈદરાબાદમાં નાની અને મામાના ઘરે આવી, બંને બહેનો હૈદરાબાદ (સિંધ)માં ભણવા લાગી. રાધેએ કુન્દનમલ મોડલ સ્કૂલમાં મેટ્રિક સુધી અભ્યાસ કર્યો. ગાયન અને નૃત્યમાં રાધે નિપુણ હતી, તે ગીત-નૃત્ય સ્પર્ધામાં હંમેશા પ્રથમ સ્થાન મેળવતી અને પરીક્ષામાં હંમેશા નંબર વન આવતી. રાધેને સુંદર પોશાક પહેરવાનો શોખ હતો, ફ્રોક પર જે ડિઝાઈન હોય તે પોતાની બુદ્ધિથી કાઢી, મોટી બહેન પાર્વતીને કહીને, મામી 'રૂપવતી' પાસે નવા-નવા ફ્રોક બનાવડાવતી અને તે ફ્રોક પહેરી સ્કૂલે જતી. રાધેના લાંબા વાળ અને સુંદર-હસીન ચહેરો જોઈ દરેક વ્યક્તિ સહજ રીતે આકર્ષિત થતી અને અવાક થઈ જતી.

રાધેની બે માસીઓ હતી, સતી (શાંતામણિ દાદીજીની માતા) અને લક્ષ્મીદેવી (ધ્યાનીદાદી). લક્ષ્મીદેવીના પતિનું અવસાન થયું હતું, જેથી તેઓ પણ પિયરમાં આવીને રહેવા લાગ્યા હતા. રાધેની માતા (રોચા) અને માસી (લક્ષ્મીદેવી) બંને વિધવા હોવાને કારણે શોકમાં ડૂબેલા હતા. રાધે, પાર્વતી અને ગોપી આ ત્રણેય બહેનો પિતાના જવાથી દુઃખી હતી. રાધેની માસી સતી રોજ તેમની દુઃખી બહેનોને આશ્વાસન આપવા પિયરઘરે જતા. એક દિવસ તેમને રસ્તામાં જશોદામાતા (દાદા લેખરાજનાં ધર્મપત્ની) મળ્યા, તેમણે પૂછ્યું, 'તમે ક્યાં જાઓ છો?'

સતીમાસી બોલ્યા, 'ભગવાનની વાતો સંભળાવીને બહેનોને શાંત કરવા,' જશોદા માતા બોલ્યા, 'મનની શાંતિ જોઈએ તો બાબા (દાદા લેખરાજ) પાસે આવજો.' સતીમાસીએ સત્સંગમાં જઈને બાબા પાસેથી ગીતા-જ્ઞાન સાંભળ્યું, ઓમધ્વનિ સાંભળતા જ તેઓ દેહથી ન્યારા થઈ ગયા અને ગહન શાંતિનો અનુભવ કર્યો. બીજા દિવસે સતીમાસી તેમની બંને બહેનો (રોચા અને લક્ષ્મીદેવી)ને સત્સંગમાં લઈ ગયા. બાબાએ આત્માનું જ્ઞાન આપ્યું તો બંને અશરીરી થઈ ગયા, તે દિવ્ય અનુભૂતિથી દુઃખ ભૂલીને ખુશ થઈ ગયા. સત્સંગથી પરત ફરેલી માતા અને માસીના ખીલેલા ચહેરા જોઈ, રાધેએ આશ્ચર્ય-ચકિત થઈ માતાને પૂછ્યું, 'ગઈકાલ સુધી તો તમે બંને બહુ રડતા હતા, આજે તો ચહેરા ખુશનુમા છે, ખીલેલા છે, ત્યાં શું મળ્યું?' રાધેને માતાએ કહ્યું, 'દાદાએ ગીતા પર બહુ સારું સમજાવ્યું, તું પણ ચાલ,' રાધે પણ માતા સાથે સત્સંગમાં ગઈ. રાધેને જોતા જ તત્ક્ષણ બાબાને લાગ્યું કે આ જ મારી વારીસ પુત્રી છે, રાધેએ પણ દિલની ઊંડાઈથી અનુભવ્યું કે આ જ મારા ઘણા સમયથી વિખૂટા પડેલા તે જ પિતા છે.

તે સમયે ઘરમાં 17 વર્ષની રાધેના લગ્નની ચર્ચા થઈ રહી હતી. એક દિવસ બાબાએ પૂછ્યું, 'રાધે, પીતાંબરધારી સાથે લગ્ન કરીશ કે સૂટ-બૂટ વાળા સાથે? જ્ઞાનથી વિશ્વકલ્યાણ કરીશ કે લગ્ન કરીને ઘર સંભાળીશ?' બાબાએ નિર્ણય કરવા માટે 24 કલાક આપ્યા. પણ રાધેએ તરત જ નિર્ણય કરી કહ્યું, 'બાબા, હું ગિરધર ગોપાલની એ જ રાધે છું, હું જ્ઞાનમાર્ગ પર ચાલીને વિશ્વ-કલ્યાણ કરીશ.' તે જ દિવસથી બાબા રાધે પર જ્ઞાનની વર્ષા કરવા લાગ્યા અને રાધેના માથા પર જ્ઞાનનો કળશ રાખ્યો. રાધે મધુર અવાજમાં ઓમધ્વનિ કરતી તો બાબા સ્નેહથી કહેતા, 'ઓમરાધે' રાધે મીઠા સ્વરમાં ગીત ગાતી, 'સખીઓ, મેં ઓમમંડળીમાં શું જોયું?', સાંભળ-નારાઓ પર તેની ઊંડી અસર પડતી. આ દરમિયાન બાબા કાશ્મીર ગયા, પાછળથી રાધેએ સત્સંગ સંભાળ્યો. બાબા કાશ્મીરથી ઓમરાધેના નામે જ્ઞાનયુક્ત પત્રો મોકલતા, તે પત્ર વાંચી રાધે રહસ્યો સમજાવતી. એક દિવસ ઓમધ્વનિ લગાવતા જ ગોપીને શ્રીકૃષ્ણના દર્શન થયા, આ સત્સંગમાં પહેલો સાક્ષાત્કાર હતો. બાબા કાશ્મીરથી આવ્યા, ગોપીને બાબા 'શ્રીકૃષ્ણ' તથા 'ઓમરાધે' શ્રીરાધાના રૂપમાં દેખાયા અને ગોપી બંનેના હાથ પકડી રાસ કરવા લાગી. ગોપીનો સાક્ષાત્કારનો પાર્ટ એક વર્ષ ચાલ્યો, ત્યારબાદ તે ટાઈફોઈડથી અવસાન પામી, તો ઓમરાધેએ જ બહેન ગોપીના દેહને મુખાગ્નિ આપી.

દાદી નિર્મલશાંતાજી ઓમરાધેમાંથી 'મમ્મા' બનવાની કથા સંભળાવે છે, 'હું નાની હતી, તો મને માંની યાદ ન આવે, કદાચ એવું વિચારીને બાબાએ મને ઓમરાધે પાસે રાખી અને કહ્યું, 'ઓમરાધે તારું પાલન-પોષણ કરે છે, આ જ તારી મમ્મા છે.' ત્યારથી હું જ ઓમરાધેને સૌથી પહેલા મમ્મા કહેવા લાગી, ત્યારબાદ બધા પણ 'મમ્મા' કહેવા લાગ્યા. બાબા રાધેને ક્યારેક દીકરી, તો ક્યારેક મમ્મા-દીકરી કહેતા હતા. ધીમે-ધીમે રાધેના શરીરમાં માતા જેવું પરિવર્તન આવ્યું. દિન-પ્રતિદિન સત્સંગમાં વૃદ્ધિ થતી ગઈ, બાબાએ મમ્માને જ સંચાલિકા બનાવી. મમ્મા સાથે આઠ માતાઓ-બહેનોની કાર્યકારી સમિતિ બનાવીને, બાબાએ પોતાની તમામ સ્થાવર-જંગમ મિલકત માતાઓને અર્પણ કરી દીધી અને મમ્મા યજ્ઞની પ્રથમ મુખ્ય પ્રશાસિકા બની. બાબાનાં લૌકિક પત્ની જશોદામાતા તેમજ રાધેની માતા 'રોચા' પણ તેમને મમ્મા કહેવા લાગ્યા.

દાદી પ્રકાશમણિજી માતેશ્વરીજીની વિશેષતાઓ સંભળાવે છે, 'પહેલી વાર મેં રાધેને સ્કૂલમાં જોઈ, રાધેએ 'ટ્વિંકલ-ટ્વિંકલ લિટલ સ્ટાર' પર ડાન્સ કર્યો, જેનાથી રાધેને એટલા ઈનામ મળ્યા કે હું જોતી જ રહી ગઈ. અમે બંને સહપાઠી હતા, એક જ બેન્ચ પર બેસતા હતા. રાધે ખૂબ મોર્ડન હતી, તેથી ખૂબ આકર્ષણ હતું. તે રાધેમાંથી જગદંબા બની. મમ્મા અત્યંત દ્રઢ શક્તિ સંપન્ન, અતિ નિર્ભય, પ્રેક્ટિકલ

(પ્રત્યક્ષ) રીતે સિંહણ જેવી શક્તિ સ્વરૂપા હતા. એક તરફ મમ્મા અતિ અનાસક્ત હતા, તેટલો જ મમ્માને સ્વમાનનો ઊંચો નશો હતો. સ્વયં પર, બાબા પર અને બાબાના કાર્ય પર મમ્માને સંપૂર્ણ વિશ્વાસ હતો. બાબાએ કહ્યું અને મમ્માએ કર્યું, એક બાબા જ સંકલ્પ અને શ્વાસમાં હતા. દિલ એ જ ગાતું, 'મમ્મા તું મમતાની મૂર્તિ છે, નિર્માણતાની નિધિ છે.' વાકકલામાં માહિર મમ્મા તર્કબદ્ધ જવાબોથી વાદ-વિવાદમાં હરાવી દેતા. એકવાર કરાચીના જિલ્લાધિકારી ભ્રાતા જગતશેરજી એ અસંગત પ્રશ્નો પૂછ્યા, મમ્માએ એવા ઉત્તર આપ્યા કે તેઓ નતમસ્તક થઈ ગયા.

એકવાર બાબાએ હસીને કહ્યું, 'ઓમરાધે આજે તારા પર વોરંટ આવ્યું તો ઘરે જવું પડશે.' તે સમયે કોઈને ને કોઈને વોરંટ આવતું હતું. મમ્મા બોલ્યા, 'મારું કોઈ છે જ નહીં, જે વોરંટ મોકલે.' સવારે બરાબર 10 વાગ્યે વોરંટ આવ્યું રાધે પોકરદાસના નામે. વોરંટ પર લૌકિક માતાની સહી હતી. મમ્માએ કહ્યું, 'આ ખોટી સહી છે, મારી માતા આવી સહી કરી જ ન શકે, હું પૂરી 18 વર્ષની વયસ્ક છું.' પણ વોરંટ હતું, તો મમ્માને લેવું પડ્યું. કોર્ટમાં મમ્માએ કહ્યું, 'આ મારી માતાની સહી નથી, મારી માતા કોર્ટમાં કહે તો હું જવા તૈયાર છું.' આ સાંભળી કોર્ટમાં હોબાળો મચી ગયો. માતાને કોર્ટમાં જજે પૂછ્યું તો તેણે કહ્યું, 'મને કોઈએ કહ્યું નથી, આ મારી સહી નથી.' જજ ઝાંખા પડી ગયા. મમ્માને સન્માનપૂર્વક કારમાં પાછા મોકલવામાં આવ્યા. મમ્મા આટલા નીડર, અડગ અને નિશ્ચયબુદ્ધિ હતા. મમ્મા બાબાની ખૂબ ઈજ્જત કરતા હતા, બાબા માટે જેવું-તેવું સાંભળી શકતા નહોતા. એકવાર અમે બાબા સાથે રમત રમીને આવ્યા અને મમ્માને કહ્યું, 'મમ્મા, અમે આજે બાબાને જીતી લીધા,' મમ્માએ કહ્યું, 'ચૂપ, બાબા માટે એવું કહેવાય કે મેં બાબાને જીતી લીધા? તમે રમત જીતી છે, બાબાને નહીં,' મમ્મા શબ્દને તેના સાચા અર્થ સાથે સમજાવીને બોલતા શીખવતા હતા.

દાદી જાનકીજી મમ્માની વિશેષતાઓ સંભળાવે છે, 'પહેલી વાર મમ્માને જોયા તો તેઓ બધી બહેનોમાં ચમકતા દેખાયા. હું કરાચી આવી તો કોઈએ પૂછ્યું, 'મમ્માને મળી છો?' તો મેં વિચાર્યું કદાચ જશોદા માતા માટે કહી રહ્યા છે, પણ 2-3 દિવસ પછી ખબર પડી કે કોને મમ્મા કહે છે. મમ્માની મુરલી ખૂબ રસીલી હતી. મમ્મા પાસેથી અંતર્મુખતાની પ્રેરણા મળતી હતી. એકવાર દીદી મનમોહિનીને હું વાતો-વાતોમાં બોલી, 'હું મમ્માથી થોડી ડરું છું, મેં કોઈ ભૂલ નથી કરી પણ બોલવામાં સંકોચ થાય છે.' મમ્માને ખબર પડી તો એક દિવસ હાથ પકડીને બોલ્યા, 'શું જનક, તું મારાથી ડરે છે?' મેં કહ્યું, 'ક્યારેય વાત નથી કરી એટલે એવું કહ્યું.' મમ્માએ કહ્યું, 'ચાલો આજે રુહરિહાન (આત્મિક વાતચીત) કરીએ.' આટલા સન્માન અને પ્રેમથી વાત કરીને મમ્મા હળવી કરી દેતા હતા. મમ્મા વહેલી સવારે બે વાગ્યે ઉઠી, ચાંદની રાતમાં ધાબા પર તપસ્યા કરતા હતા. ચાર વાગ્યે આવીને જોતા હતા કે કોઈ ઉઠ્યું તો નથી ને, પછી ધીમે-ધીમે સીડી ઉતરીને કિચનમાં જતા. કોઈને ખબર પડી જતી કે મમ્મા જોઈને ગયા છે, તો બધા ઉઠીને તૈયાર થઈ મમ્માની સામે ઊભા રહી જતા. મમ્મા હસીને કહેતી, 'જુઓ, તમારા મંદિરોમાં ભક્તો ઉઠીને ઘંટ વગાડી રહ્યા છે અને તમે દેવતાઓ સૂઈ રહ્યા છો.' ત્યારથી હું અમૃતવેળે સૂતી નથી.

મમ્મા 3 વાર પૂણે આવ્યા. કોઈએ પૂછ્યું, 'બાબા પહેલા કહેતા હતા કે જ્યાં જીત ત્યાં જન્મ, આજકાલ બાબા તે વિષયમાં કંઈ બોલતા નથી. તમારો શું વિચાર છે?' મમ્માએ કહ્યું, 'બાબાનો જે વિચાર, તે આપણો વિચાર, મારો વિચાર ક્યાંથી આવ્યો?' મમ્માએ ક્યારેય બુદ્ધિનું અભિમાન નહોતુ બતાવ્યું. એકે પૂછ્યું, 'મમ્મા તમે મનને કેવી રીતે શાંત રાખો છો?' મમ્માએ કહ્યું, 'મન તો બેબી છે, મનને કહું છું - અત્યારે શાંત રહો, જરૂર હશે ત્યારે બોલાવી લઈશ, તો મન શાંતિથી બેસી જાય છે,' મમ્મા આટલા મનજીત હતા. મમ્મા ઓફિસમાં બેઠા હતા, મેં પૂછ્યું કે શું પુરુષાર્થ કરું? મમ્માએ કહ્યું, 'દરેક ઘડીને અંતિમ

ઘડી સમજો!' મમ્માએ ક્યારેય દેખાડો નહોતો કર્યો, દોઢ મહિનો બેંગલોરમાં ખૂબ સારી સેવા કરીને મમ્મા પૂણે આવ્યા. અમે પૂછ્યું, તો બસ એટલું જ કહ્યું - સેવા સારી હતી. તેઓ પોતાના વખાણ નહોતા કરતા. જેટલા તેઓ ત્યાગી હતા, તેટલા જ વૈરાગી અને તપસ્વી હતા, મેં તેમને રાધે, સરસ્વતી, કાલી અને જગદંબાના રૂપમાં પણ જોયા.'

દાદી ચંદ્રમણિજી મમ્માની મહિમા આ રીતે સંભળાવે છે, 'મમ્મા ખૂબ નિર્ભય, શક્તિસ્વરૂપા અને સદા યોગનિષ્ઠ હતા, કર્મેન્દ્રિઓ હંમેશા તેમના વશમાં હતી. અવગુણરૂપી કાંકરા કાઢી, ગુણરૂપી મોતી જ ચણવા, જ્ઞાન સમજાવવું, શિક્ષણ આપી જીવન બનાવવું, કન્યાઓને નિડર શક્તિ-સિંહણ બનાવી બાબાને સમર્પિત કરાવવી - આ હતી મમ્માની વિશેષતાઓ. હું મમ્માને પૂછતી, 'મમ્મા તમે શું વિચારી રહ્યા છો, ક્યાં છો?' તો મમ્મા કહેતા, 'હું અહીં નથી ચાલી રહી, હું વૈકુંઠની ધરતી પર ચાલી રહી છું.' ક્યારેક તેઓ કહેતા, 'મને વિશ્વમહારાણી શ્રી લક્ષ્મીના રૂપમાં આ અનુભવ થયો, વિશ્વરાજકુમારી શ્રી રાધાનો આ અનુભવ થયો.' સ્વયંના ભવિષ્ય અને શિવબાબાના મહાવાક્યો પર મમ્માને સો ટકા નિશ્ચય હતો. બાબાએ કહ્યું અને મમ્માએ તેને તરત જ માન્યું અને તે મુજબ કરી બતાવ્યું.'

બૃજશાંતાદાદી મમ્માના પ્રેમનું વર્ણન કરે છે, 'મમ્મા રહેમદિલ હતા. મમ્માને વિશ્વાસ હતો કે વ્યક્તિ સજાથી નથી સુધરતી. જે પશ્ચાતાપ કરે તે જ સુધરે છે, તે જ ક્ષમાને પાત્ર છે, તેના પર જ મમ્મા પ્રેમ વરસાવતા. હું એક દિવસ શૂઝ પહેર્યા વગર ડ્રીલ કરવા ટેનિસ કોર્ટમાં ગઈ - આ જોઈ મમ્માએ પૂછ્યું, 'તેં શૂઝ કેમ નથી પહેર્યા?' મેં કહ્યું, 'પગમાં દુખાવો છે એટલે નથી પહેર્યા.' પાછળથી મારું મન અંદરને અંદરથી ખાવા લાગ્યું કે મેં મમ્માને ખોટું કહ્યું. બાબા કહેતા હતા કે ભૂલ થઈ જાય તો નાસ્તો કે ભોજન છોડીને પોતાને સજા આપો. મારી નાસ્તો કરાવવાની ડ્યુટી હતી, હું નાસ્તો કરાવીને બહાર આવી. મમ્મા રૂમમાંથી નીચે ઉતર્યા. બેન્ચ પર બેસી મમ્મા કચેરી કરતા હતા, અમે નીચે બેસીને પોતાની ભૂલ કહેતા હતા. મેં કહ્યું, 'આજે મેં ભૂલ કરી, તો પોતાને સજા આપી છે.' મમ્માએ કહ્યું, 'શું તેં નાસ્તો નથી કર્યો, શું ભૂલ કરી?' મેં બધી વાત જણાવી દીધી. મમ્મા બોલ્યા, 'ચાલ નાસ્તો કર, મમ્માએ પણ નાસ્તો નથી કર્યો' મેં કહ્યું, 'ના, મને સજા ભોગવવા દો.' ભૂલ સ્વીકારવાથી ક્ષમા અને કરુણાની મૂર્તિ એવી મમતામયી મમ્માએ પોતાની સાથે ખૂબ પ્રેમથી મને નાસ્તો કરાવ્યો.'

કુંજદાદીજી મમ્માની વિશેષતાઓ સંભળાવે છે, 'મમ્માનો બાબા અને ડ્રામા પર અટલ નિશ્ચય હતો. હું બાંધેલી હતી (બંધન હતું), ઘણી વાર ખાધા વગર આવતી, ખબર નહીં મમ્માને કેવી રીતે ખબર પડી જતી? તે ભોજન કરાવીને ઘરે મોકલતા. મમ્મા કહેતા, 'તમારે બંધનમાં રહેલી બહેનોને એવી રીતે છોડાવવાની છે, જેમ હનુમાને માતા સીતાને રાવણથી છોડાવ્યા હતા.' મને યજ્ઞસેવા કરતી વખતે મદદ માટે બહેન આપવામાં આવતી. હું કહેતી, 'મમ્મા, આ ખૂબ ઢીલી-ઢાલી છે, ખૂબ ધીમે-ધીમે સેવા કરે છે, મને પેલી બહેન આપો ને!' મમ્મા કહેતા, 'જુઓ, દરેક વ્યક્તિમાં કોઈ ને કોઈ ખામી કે નબળાઈ હોય છે, હું માં છું ને, મારે બધાને સેવાની તક આપીને તેમનું ભાગ્ય બનાવવાનું છે. તમારી કળા જોતા-જોતા તે ખામીઓને ભરી દેશે અને તમારા જેવી હોશિયાર થઈ જશે. આપણે બધાને સાથે લઈને ચાલવાનું છે.' પટનામાં દાદી પ્રકાશમણિ અને હું સાથે હતા. એક ભાઈ જબરદસ્તી કરીને કહેતા, 'અહીં સેવામાં ન જાઓ, ત્યાં ન જાઓ.' મમ્મા પટના આવ્યા તો અમે કહ્યું, 'મમ્મા, જ્યારે અમે તમારી સાથે બેસીએ છીએ, ત્યારે તે ભાઈને અમારી સાથે નથી બેસાડવાના.' મમ્મા બોલ્યા, 'ના, જુઓ હું તેની ગેસ્ટ છું, હવે હું તેને કેવી રીતે શિક્ષા આપીશ? હવે તમે લોકો સમજદાર બની જાઓ.' મમ્મા આવી મીઠી અને પ્રેમભરી શિખામણ આપીને શીખવતા હતા કે આવી વ્યક્તિને પણ કેવી રીતે હેન્ડલ કરવા.'

ભ્રાતા જગદીશભાઈ મમ્માનું એક સંસ્મરણ સંભળાવે છે, 'મમ્માનો પ્રેમ, વ્હાલ અને રુહાની વ્યક્તિત્વ ઈશ્વરીય શિક્ષણનું સ્વરૂપ હતું. દિલ્હીમાં એક વ્યક્તિ પત્ની સાથે પવિત્રતાની વાત પર ઝઘડો કરતો, મારપીટ કરતો હતો. એક દિવસ તેણે પત્નીને ઘરમાંથી કાઢી મૂકી, અમે તેને મહિલા આશ્રમમાં રાખી. તે સમયે મમ્મા રજોરી ગાર્ડનમાં આવ્યા હતા. અમે મહિલા આશ્રમના પ્રમુખને મમ્માને મળવા લઈ જઈ રહ્યા હતા. તે વ્યક્તિને ખબર પડી ગઈ કે મમ્મા આવ્યા છે, તો તે અમારા કરતા પહેલા જ પહોંચી જઈ જાજમ અને ખુરશીઓ આમ-તેમ ફેંકી, બલ્બ તોડ્યા અને ખૂબ ધમાલ કરી. બહેનોને પૂછ્યું મમ્મા ક્યાં છે, મમ્મા સૌથી ઉપરના માળે હતા. બહેનો ચૂપ રહી તો તે જાતે શોધતા-શોધતા ઉપરના માળે મમ્મા પાસે પહોંચી ગયો. મમ્મા ખુરશી પરથી ઉઠી પલંગ પર બેસ્યા અને કહ્યું, 'આવો, દિકરા આવો. કેમ આવવાનું થયું? આવો, ખુરશી પર બેસો.' આ પ્રેમભર્યા શબ્દો સાંભળતા જ તે પાણી-પાણી થઈ ગયો અને 'માં-માં' કહેવા લાગ્યો. મમ્માથી પ્રભાવિત થઈને આનંદ અને શાંતિની અનુભૂતિમાં ખોવાઈ ગયો. મમ્માએ સ્નેહ અને સન્માન આપ્યું તો તે વ્યક્તિ પોતાની વાત ભૂલીને સંપૂર્ણપણે બદલાઈ ગયો.'

ભ્રાતા રમેશભાઈ શાહ મમ્માના ગુણ ગાતા કહે છે,'હું સન્ 1955માં મમ્માને મળ્યો, પ્રથમ મિલનમાં જ મમ્મા સાથે અદ્રશ્ય-અવિનાશી સંબંધ જોડાઈ ગયો. મમ્મા પારસી સ્ટાઈલની સાડી પહેરતા હતા. ઈશ્વરીય જીવનની પ્રથમ ગુરુમાતા બનીને મમ્માએ ઘણું બધું શીખવ્યું. એકવાર મમ્માને પૂછ્યું,'તમારા પહેલા ઘણી બહેનો આવી, પણ પુરુષાર્થમાં તમે આગળ વધવાનું રહસ્ય શું છે?' મમ્મા બોલ્યા, ''દ્રઢતા' એકવાર જે સંકલ્પ કર્યો તેને દરેક હાલતમાં પૂર્ણ કરું છું.' મમ્મા ફક્ત સ્નેહ જ નહીં, સન્માન પણ આપતા હતા. મેં મમ્માને કહ્યું, 'મમ્મા, માતા પુત્રને ક્યારેય 'આપ-આપ' ન કહેતા,'તું-તું' કહે છે. તમે મને 'તું કે તમે' ને બદલે 'આપ' કહો છો, તે મને ગમતું નથી, હું તો ઉંમરમાં પણ તમારાથી નાનો છું, શું તમે મને તમારો દિકરો સ્વીકાર્યો નથી?' મમ્મા બોલ્યા, 'જુઓ રમેશજી, સૃષ્ટિ નાટકમાં દરેક આત્મા શ્રેષ્ઠ છે, આપણે પરમાત્માના સંતાન અંદરોઅંદર ભાઈ-ભાઈ છીએ, તેથી બધા સાથે પ્રેમ અને આદરથી વાત કરવી જોઈએ. લોકવ્યવહાર માટે તમારા માટે હું 'આપ' શબ્દનો પ્રયોગ કરું છું.' બધા સાથે દીર્ઘદ્રષ્ટા બની સન્માન અને સ્નેહથી વ્યવહાર કરવાનું મમ્મા પાસેથી શીખ્યો.'

ભ્રાતા નિવેરભાઈ મમ્માની વિશેષતા સંભળાવે છે, 'હું 1959માં મમ્માને મુંબઈ વોટરલૂ મેન્શનમાં મળ્યો. એક દિવસ ભોજન કરતી વખતે, મમ્માએ મને પહેલો કોળિયો ખવડાવ્યો, ત્યારબાદ પોતે ખાધું. મમ્માએ જે પ્રેમનો અનુભવ કરાવ્યો, મને લાગ્યું કે ઘણા સમય પછી મને મારી માં મળી. તેજોમય મમ્મા વિષયની ઊંડાઈમાં જઈને, સહજ-સરળ અને રમણીય રીતે જ્ઞાન સંભળાવતા તો દરેક પ્રશ્નનો જવાબ આપોઆપ મળી જતો અને અનુભવ થતો કે તેઓ વિદ્યાની દેવી સરસ્વતી છે. પ્રભુ પ્રિયતમની યાદમાં મગ્ન મમ્માની સામે જતાં જ શિવપિતાની યાદમાં મન મગ્ન થઈ જતું. હું નૌકાદળ ( નેવી )માં હતો, રજાઓમાં બાબાએ સેવામાં જયપુર મોકલ્યો. મમ્માને સેવા સમાચાર સંભળાવતા કહ્યું, 'મમ્મા, મારે સમર્પિત થવું છે,' મમ્માએ કહ્યું, 'આ તો બહુ સારી વાત છે, મનુષ્યને શું જોઈએ, ખાવા માટે બે રોટલી અને પહેરવા માટે બે જોડી કપડાં, તે તો યજ્ઞમાંથી મળી જશે, તમે સ્વયંનું અને સર્વનું કલ્યાણ કરો.' મમ્મા સાથેની આત્મિક વાતચીત અમૂલ્ય નિધિ હતી, તેનાથી પ્રેરિત થઈને હું સમર્પિત થયો.'

ભ્રાતા બૃજમોહનભાઈ મમ્માના ગુણરૂપી મોતીઓનું વર્ણન કરે છે, 'પ્રથમ વાર 1955માં મમ્મા સાથે મધુર મિલન થયું, અહાહા..., કેટલી તરસ છીપાવનારું માંનું એ સાનિધ્ય હતું! ભક્તો જેને 'શીતળા' કહે છે.'મમ્મા' દિવ્ય ગુણોની સાક્ષાત્ દેવી હતા, તેમના સંકલ્પ ખડક જેવા અડગ, સારયુક્ત

મીઠા બોલ, કર્મો શ્રેષ્ઠ અને યુક્તિયુક્ત હતા. મમ્માની શાંત ગંભીર, યોગયુક્ત ઉપસ્થિતિ માત્રથી સન્નાટો છવાઈ જતો, અનુભવ થતો જાણે મમ્મા ચાલતું-ફરતું લાઈટ હાઉસ હોય. મમ્માની ચાલ ફરિશ્તાઓ જેવી હતી. મમ્મા બહુ મીઠી રીતે સાવધાની આપતા હતા. એકવાર મમ્મા અંબાલા છાવણીમાં પધાર્યા, હું નંગલમાં નોકરી કરતો હતો, મેં મમ્માને નંગલ આવવાનું આમંત્રણ આપ્યું. મમ્માએ કહ્યું, 'થોડા દિવસો પછી પ્રોગ્રામ બનાવો, ત્યારે આવીશ.' મમ્માનો ભાવ ન સમજીને હું તરત જ ચાલવાનું કહેવા લાગ્યો, મમ્માએ કહ્યું, 'હું તો ચાલી શકું છું, પણ જે બાળકો મને મળવા અંબાલા આવશે, તેઓ નિરાશ થશે,' મમ્મા જેટલી લવફુલ હતા, તેટલી જ લોફુલ પણ હતા.

હરિદ્વારના પ્રેમલતા દીદી મમ્માના સંસ્મરણો સંભળાવે છે, 'મમ્મા, બાબાના સાધારણ રીતે કહેલા વાક્યોને પણ મહાવાક્ય તરીકે સ્વીકારતા હતા. એકવાર લચ્છુદાદી બાબાને ચકલીના ઈંડા બતાવી રહ્યા હતા. બાબા રમૂજમાં બોલ્યા, 'મમ્માને બોલાવો.' હું કુતૂહલ-વશ ઊભી રહી. મમ્મા આવી તો બાબા બોલ્યા, 'મમ્મા, મોઢું ખોલો, આ ચકલીના ઈંડા બાબા તમને ખવડાવશે.' મારા આશ્ચર્યનો ત્યારે પાર ન રહ્યો, જ્યારે મમ્માએ બાળકની જેમ બાબાની સામે મોઢું ખોલી દીધું, બાબા મમ્માને પ્રેમભરી દ્રષ્ટિ આપવા લાગ્યા, બાબા બોલ્યા, 'મમ્મા' 'જી બાબા'ના પેપરમાં પાસ થઈ ગઈ.' બાબાએ શિક્ષણ આપ્યું હતું કે બાબા કલ્યાણકારી છે અને 'જી બાબા'ની ધારણામાં મમ્મા કેટલા દ્રઢ હતા, મમ્માને દ્રઢ નિશ્ચય હતો કે 'બાબા અકલ્યાણ કરી જ ન શકે, આ જ દ્રઢ સંકલ્પથી મમ્માની જીત થઈ.'

છેવટે 24 જૂન 1965નો તે દિવસ પણ આવ્યો, મમ્માએ પોતાના હાથે યજ્ઞવત્સોને 24 જૂનની સવારે દ્રાક્ષ વહેંચી. બાબાએ બપોરે 4 વાગ્યે સંતરીદાદીને મમ્માના રૂમમાં મોકલ્યા. મમ્માની ગરદન બાજુમાં ઝૂકેલી હતી. સંતરીદાદી દોડીને બાબા પાસે આવ્યા અને મમ્માની સ્થિતિ જણાવી. બાબા તરત જ મમ્માના રૂમમાં ગયા અને બોલ્યા, 'સારું, મમ્મા શિવબાબા પાસે ચાલી ગઈ.' બાબાએ બધાને પત્રો લખ્યા. ફૂલોથી સજાવેલી પાલખી પર માતેશ્વરીજીના પાર્થિવ દેહને સજાવીને રાખ્યો, પંક્તિબદ્ધ શ્વેતવસ્ત્રધારી હોલી હંસો બ્રહ્માવત્સોએ કતારોમાં મમતામયી, મીઠી માંને અંતિમ યાત્રા કરાવી અને વિશ્વકિશોરભાઈએ માતેશ્વરીજીના પવિત્ર દેહને મુખાગ્નિ આપી...

**॥ ઓમ શાંતિ ॥**

**અનુવાદ - બ્ર.કુ. વિજય પોશિયા,**
**ઈન્ડિયા કોલોની, અમદાવાદ.**

---

## (પેજ નં. 29નું અનુસંધાન)... શુભ ભાવના

માથું ઉતારી દેવા માટે તૈયાર થઈ જાય છે. ભગવાન ભાવનાના ભૂખ્યા છે, એક મિનિટના દર્શન માટે ભક્તો કલાકો સુધી લાઈનમાં ઊભા રહે છે.

ભાવ વિહીન સુષ્ક ચહેરો કોઈને પસંદ આવતો નથી. ભાવવાહી વ્યક્તિનો હર્ષિત મુખ ચહેરો આકર્ષણનું કેન્દ્ર બને છે. ભગવાન આપણને સદા સર્વ પ્રાણી માત્ર પ્રત્યે પણ શુભ ભાવના રાખવાની શ્રેષ્ઠ મત આપે છે. શુભ ભાવનાના અભાવથી જ આ દુનિયા અત્યારે વિનાશના કગાર પર ઊભી છે. બે દેશો વચ્ચે શુભ ભાવના ના હોવાથી જ મોટા મોટા યુદ્ધ થાય છે પરિણામે અનેક લોકોને મુશ્કેલીઓ પડે છે. જેની આડઅસરને કારણે મોંઘવારી, બેકારી અને લૂંટફાટ વધે છે. સમાજમાં અનાથ બાળકો વિધવાઓ, અપંગો અને અસહાય વૃદ્ધોની સંખ્યા વધી જાય છે. જમીન ઉપજાઉ રહેતી નથી પરિણામે ભૂખમરો વધે છે. આમ શુભ ભાવના એ તમામ સમસ્યાઓનું સમાધાન છે. આવનારી નવી સ્વર્ગીય દુનિયાની સ્થાપના માટે શુભ ભાવનાનો ફાળો ખૂબ જ મહત્વનો છે. પ્યારા મીઠા મીઠા શિવબાબાએ આપણને અનેક અવ્યક્ત વાણી દ્વારા શુભ ભાવના રાખવાનું શીખવ્યું છે જે નિશ્ચિત રૂપે નવી દુનિયાની સ્થાપના કરાવશે.

**॥ ઓમ શાંતિ ॥**

## ક્ષત્રિય ચારિત્ર્યથી નિર્વિકારી અવસ્થા

# પરશુરામ અવતાર

બ્ર.કુ. વિવેકાનંદ, મહાદેવનગર, અમદાવાદ

પરમાત્મા શિવપિતાએ આત્માઓને સમજાવ્યું છે કે મન, વચન અને કર્મથી સર્વોચ્ચ સ્થિતિની પ્રાપ્તિ કરવી – એટલે સર્વગુણ સંપન્ન, સોળ કલા સંપૂર્ણ, સંપૂર્ણ નિર્વિકારી, મર્યાદા પુરુષોત્તમ અને અહિંસા પરમોધર્મી બનવું.

આપણે ગતાંક સુધી વિભિન્ન પાંચ અવતારો દ્વારા આત્મ જાગૃતિથી લઈને નિરંતર પુરુષાર્થ દ્વારા પરમાનંદની અનુભૂતિ સુધી આત્માની વિવિધ પાંચ અવસ્થાઓને સમજવાનો પ્રયત્ન કર્યો. આ અવસ્થાને ટકાવી રાખવા માટે સતત અટેન્શન (જાગૃતિ) અત્યંત જરૂરી છે. જ્યારે પુરુષાર્થમાં સાતત્ય રહેશે, ત્યારે જ આપણે ધીમે ધીમે સર્વગુણ સંપન્ન, સોળ કલા સંપૂર્ણ, સંપૂર્ણ નિર્વિકારી, મર્યાદા પુરુષોત્તમ અને અહિંસા પરમોધર્મી અવસ્થાને પ્રાપ્ત કરી શકીશું. પરંતુ જેમ દુનિયામાં કહેવાય છે - 'સાવધાની હટી તો દુર્ઘટના ઘટી', તેમ જો પુરુષાર્થમાં બેધ્યાન થઈ જઈએ, તો આત્મા ફરીથી અધોગતિની છેલ્લી કક્ષાએ પહોંચી શકે છે. તેથી જ પરમાત્મા કહે છે – 'ચઢે જો ચાખે વૈકુંઠ રસ, ગીરે તો...' બીજું પરમાત્માએ આપણને કહી દીધું છે કે આ પરમ અવસ્થાને પ્રાપ્ત કરવા માટેનું સૂક્ષ્મ સાધન મન છે. માટે મનને સમજવું અત્યંત જરૂરી છે. આપણે રાજયોગ સાપ્તાહિક કોર્ષના પહેલા દિવસે જ મનને સમજવાનો પ્રયત્ન કર્યો છે. અનુભવના અંતે લેખક સમજે છે કે મનનો સ્વભાવ સુખ મેળવવાનો છે. જ્યાંથી પણ મનને સુખ મળે છે, ત્યાં મન રમણ કરે છે. વળી મનને સુખ આપવાનું કાર્ય શરીરની પાંચ જ્ઞાનેન્દ્રિયો કરે છે. આંખ, કાન, નાક, મુખ અને સ્પર્શ દ્વારા મળતું સુખ મનને વારંવાર વ્યક્તિ, વૈભવ કે વસ્તુ તરફ આકર્ષિત કરે છે. પરંતુ આ સુખ ક્ષણિક હોય છે, અલ્પકાલીન હોય છે. એક હાસ્યની વાત કહું. જયારે લેખક હારીજ ખાતે સ્કુલમાં સેવા આપતા હતા, ત્યારે સ્ટાફમાં ચર્ચા થતી. કેટલાક સમજવા માટે ચર્ચા કરતા તો કેટલાક માત્ર મજાક કે હસી ઉડાડવા ચર્ચા કરતા તો કેટલાક નીચે ઉતારી પાડવા દલીલ કરતા. જે પણ કારણ હતું પરંતુ કેન્દ્રમાં કર્મેન્દ્રિયોથી મળતું સુખ હતું. **ત્યારે ચર્ચાની પરાકાષ્ટાએ એક બિંદુ પર ચર્ચાને વિરામ લાગતો - 'જો કર્મેન્દ્રિયોથી મળતું સુખ જ સર્વશ્રેષ્ઠ સુખ છે તો પડ્યા રહો 24 તાસ. કેમ બહાર નીકળો છો ? વિદ્વાનો, પંડિતો કે બુદ્ધિશાળી લોકો પણ અનુભવી ચુક્યા છે કર્મેન્દ્રિયોથી મળતું સુખ સ્થાયી સુખ નથી.'** ઈતિહાસ સાક્ષી છે કે આ સુખને અલ્પકાલીન સુખ, ભૌતિક સુખ અથવા કાગવિષ્ટા સમાન સુખ સમજી જાણી સાધકોએ ભૌતિક સુખનો ત્યાગ કરીને સંન્યાસ અને તપશ્ચર્યાને અપનાવી છે. મજાની વાત તો એ છે કે જેના માટે શાસ્ત્રોમાં પણ ગાયન છે – 'અતીન્દ્રિય સુખ પૂછના હો તો ગોપ વલ્લભ કી ગોપ ગોપીઓ સે પૂછો' એ સુખનો મહિમા સ્વયં પરમાત્મા શિવ ધરા પર અવતરિત થઇ કરે છે અને આપણને અનુભવ પણ કરાવ્યો છે કે ભૌતિક સુખથી પણ શ્રેષ્ઠ સુખ અતીન્દ્રિય સુખ છે! **કારણ કે અતીન્દ્રિય સુખ કોઈ જ્ઞાનેન્દ્રિય કે કર્મેન્દ્રિયથી પ્રાપ્ત થતું સુખ નથી, પરંતુ પરમાત્માએ આપેલા 'મનમનાભવ'ના મહામંત્રથી પ્રાપ્ત થતું સુખ છે. આ કારણથી જ પરમાત્મા કહે છે કે મનનું સતત વિચાર-સાગર મંથન અને પરમાત્મા સાથે જોડાઈ પ્રેમરસની અનુભૂતિ કરવા માટે નિરંતર**

**પુરુષાર્થ અને સાતત્ય જરૂરી છે.**

આપણે સૌ જાણીએ છીએ કે સંસાર એક વિષય-સાગર છે, જેમાં અનેક વિષયો મનને આકર્ષવા માટે પ્રબળ શક્તિ ધરાવે છે. લેખકે ગતાંક સુધી પાંચ અવતારોનું મંથન કર્યા બાદ, અત્રે છઠ્ઠો અવતાર – પરશુરામ અવતાર વિષે ચર્ચા કરી છે.

**પરશુરામ અવતારની સંક્ષિપ્ત વાર્તા**

પ્રાચીન સમયમાં જમદગ્નિ નામના મહાન ઋષિ અને તેમની પત્ની રેનુંકા રહેતા હતા. તેમના ઘરે એક તેજસ્વી પુત્રનો જન્મ થયો, જેનું નામ રામ રાખવામાં આવ્યું. પછી તેમણે ભગવાન શિવની કઠોર તપસ્યા કરી અને એક દિવ્ય પરશુ (કુહાડી) પ્રાપ્ત કરી. તેથી તેઓ 'પરશુ-રામ' તરીકે ઓળખાયા એટલે કે કુહાડી ધારણ કરનાર રામ. તે સમયે કાર્તવીર્ય અર્જુન નામનો શક્તિશાળી રાજા હતો. તેની પાસે હજાર હાથની શક્તિ હતી અને તે અહંકારમાં ઋષિઓ અને પ્રજા પર અત્યાચાર કરતો હતો. એક વખત તે જમદગ્નિના આશ્રમમાં આવ્યો, જ્યાં કામધેનુ ગાય હતી, જે ઈચ્છા મુજબ બધું આપતી હતી. રાજા લોભવશ થઈ કામધેનુને બળજબરીથી લઈ ગયો. આ જાણીને પરશુરામ ક્રોધિત થયા અને યુદ્ધમાં કાર્તવીર્યનો સંહાર કરીને કામધેનુ પાછી લાવ્યા. પરંતુ કાર્તવીર્યના પુત્રોએ બદલો લેવા માટે જમદગ્નિ ઋષિની હત્યા કરી. આથી પરશુરામે પ્રતિજ્ઞા લીધી કે તેઓ અહંકારી અને અધર્મી ક્ષત્રિયોને નાશ કરશે. કહેવામાં આવે છે કે તેમણે એકવીસ વાર ધરતી પરથી દુષ્ટ ક્ષત્રિયોને નાશ કર્યા અને અંતે ધરતી ઋષિઓને દાનમાં આપી. ત્યારબાદ તેમણે તપ અને સાધનામાં જીવન વીતાવ્યું.

પહેલા પણ લેખકે એક વાત સ્પષ્ટપણે કહી છે કે વ્યાસજી ખૂબ જ દિવ્ય બુદ્ધિ ધરાવતા હતા. તેઓએ ખુબ જ મહીનતાથી સાધકોને માર્ગદર્શન કર્યું છે. લેખકે જયારે પરશુરામ અવતારનો અભ્યાસ કર્યો ત્યારે એક વાત સ્પષ્ટ જાણવા મળી કે પરશુરામ ચિરંજીવી હતા. વળી બીજી વિચારણીય બાબત એ પણ હતી કે પરશુરામ અને શ્રી રામ બંને વિષ્ણુજીના અવતાર છે તો બન્ને એકબીજા સામે સીતાજી સ્વયંવરના સમયે આમને-સામને કેવી રીતે આવે છે? એ બાબત વિજ્ઞાન કે બોદ્ધિક રીતે સ્વીકારાશે નહિ. તો નિશ્ચિત રૂપે આધ્યાત્મિક રીતે જ સ્વીકારવું પડે એમ છે. અત્રે વાર્તામાં કેટલાક પાત્રો જમદગ્નિ, રેણુકા, ભગવાન શિવ, રામ, પરશુ, કાર્તવીર્ય અર્જુન, કામધેનુ અને ક્ષત્રિયો – બધા જ એક ઊંડા આધ્યાત્મિક સંદેશને પ્રગટ કરે છે. જેને સમજવાનો પ્રયત્ન કરીએ તો પુરુષાર્થની મહીનતા આપણને સ્પષ્ટ અનુભવાશે.

જમદગ્નિનો અર્થ થાય છે તપથી પ્રગટ થયેલી અગ્નિ તેમજ રેણુકાનો અર્થ થાય છે અતિ સુક્ષ્મ, રજ કણ સમાન વિનમ્ર. જમદગ્નિ અને સુક્ષ્મ વિનમ્રતાના સમન્વયથી મન અતીન્દ્રિય સુખમાં રમણ કરે છે. એ અવસ્થા જ રામ છે. રામનો અર્થ થાય છે પ્રકાશ, રમણ કરવું. મનનું ભટકવું એ અજ્ઞાન અંધકાર છે. અને મન એકાગ્ર થઈ અતીન્દ્રિય સુખમાં સમાઈ રહેવું એ જ્ઞાનપ્રકાશ છે. એ અતિ ઊંચ કક્ષાની અવસ્થા છે. પરંતુ પહેલા પણ કહ્યું છે કે હરિનો માર્ગ છે શૂરાનો નહિ કાયરનું કામ જો. વિષય સાગરમાં રહી કમલ પુષ્પ સમાન પવિત્ર, નિર્વિકારી અવસ્થા પ્રાપ્ત કરવું એ મહાતપસ્યાની પરાકાષ્ઠા છે. માટે વ્યાસજીએ આ અવતારમાં કોઈ અસુર નહી પણ આત્માની શ્રેષ્ઠ અવસ્થા જ કઈ રીતે વિઘ્નરૂપ બની શકે છે તેનું વર્ણન ખુબ જ સ્પષ્ટ, સરળ, સાચી રીતે કરેલું છે. એ વાતને સ્પષ્ટ કરવા માટે વ્યાસજીએ કાર્તવીર્ય અર્જુન નામનું પાત્ર લીધું છે. કાર્તવીર્યનો શબ્દાર્થ થાય છે શક્તિશાળી કર્મ અને અર્જુનનો અર્થ થાય

છે જે ધારણ કરે છે તે. એટલે શક્તિશાળી કર્મનો અધિપતિ. અહિયાં આ અવતારમાં કોઈ અસુરને નહી પરંતુ અથાક પુરુષાર્થ થકી મેળવેલી શક્તિ, ગુણ, વિશેષતા, જ્ઞાનના આધારે દરેક સંકલ્પથી સિદ્ધિ મેળવવાની અવસ્થા પ્રાપ્ત કરી લીધી છે, તેની સર્વ કામના પૂર્ણ થઇ ગઈ છે, એ અવસ્થાને જ સાધકના દુશ્મન તરીકે વર્ણન કરેલ છે! કામધેનુની જ ચોરી કરી. અદ્‌ભુત વાત છે ને! જે આત્માએ મનની એકગ્રતા કેળવી, સર્વ શક્તિઓ સહીત બધું પ્રાપ્ત કરી લીધું પરંતુ લોભને વશ થઇ ચોરીના સંસ્કાર ઈમર્જ થયા અને પરિણામે પોતાની સર્વ સિદ્ધિઓ જ ચોરાઈ ગઈ. મનની દ્વંદ્વ અવસ્થા એટલે કે ક્ષત્રિય ચારિત્ર્યએ જમદગ્નિનો જ ખાત્મો કરી દીધો. આ અવસ્થા દરેક સાધક અનુભવે છે. એ વાત પણ સનાતન સત્ય છે. વળી વ્યાસજીએ વાર્તામાં આ સમસ્યાની સાથે સાથે સમસ્યાનું નિરાકરણ પણ બતાવ્યું છે. શિવને પ્રસન્ન કરી પરશુ મેળવી ૨૧ વખત ક્ષત્રિયોનો નાશ કર્યો. વ્યાસજીની બુદ્ધિની ઉપજ તો જુઓ. રામના હાથમાં પરશુ આપી નામ આપ્યું પરશુરામ. પરશુ એટલે કે કુહાડી. કુ+હાડી. કુ શબ્દ દુર્ગુણ, દૃષ્ટ, અનિષ્ટ માટે વપરાય છે. હાડી શબ્દ આધાર કે વાસણ માટે વપરાય છે. આધ્યાત્મિક દૃષ્ટિથી જોઈએ તો પરશુરામનો અર્થ સ્પષ્ટ થાય છે કે પરમ પ્યારા શિવપિતાને પ્રસન્ન કરી આત્મા એવી શક્તિ ધારણ કરે છે કે જે ખોટી શક્તિનો, ખોટા આધારનો સંહાર કરી શકે છે.

આપણે સૌ અનુભવી છીએ કે **મનને સુખ, શાંતિ, પ્રેમ વગેરેની પ્રાપ્તિ થાય તે માટે સંસારમાં વ્યક્તિ આધાર શોધે છે. આધાર શોધવાની વાત માત્ર કોઈ સામાન્ય વ્યક્તિ સુધી સીમિત નથી, ઉચ્ચ કોટિના સાધકો પણ આધાર શોધવા લાગે છે. કોઈ યોગ લગાડવા ગીત-સંગીત કે કોમેન્ટ્રીનો આધાર શોધે છે. કોઈ કહે છે કે બેન તમે યોગ કરાવો ને! તમે યોગ કરાવો છો ને તો તરત જ યોગ લાગી જાય છે.** એકવાર આશાબેને પોતાનો અનુભવ સંભળાવતા કહ્યું હતું કે કુમારીના ટ્રેનીંગમાં જગદીશભાઈએ ક્લાસ કરાવ્યો હતો ત્યારે કુમારીઓએ જગદીશભાઈ ક્લાસ કરાવે એવી રજૂઆત કરી હતી. ત્યારે નિમિત્ત દાદીજીએ કુમારીઓને સમજાવતા કહ્યું હતું કે આ પણ સુક્ષ્મમાં આકર્ષણ છે. પ્રકાશમણી-દાદીજી સાકાર બાબાને પત્ર લખી એક ભાઈની વિશેષતાનું વર્ણન કરતા પત્ર લખેલો ત્યારે સાકાર બાબાએ દાદીજીને આદેશ આપતા કહ્યું કે તરત જ દાદીજી સેન્ટરને છોડી બીજા સેન્ટર પર જતા રહે. કારણ બાબા ઈચ્છતા ન હતા કે દાદીજી કોઈ શરીરધારીને આધાર બનાવે. માટે જ પરમાત્માએ સ્પષ્ટ રૂપે કહી દીધું છે કે સમય આગળ વધતા સાયન્સ કે પ્રકૃતિના કોઈપણ સાધનો કામમાં આવશે નહિ, તેથી એક પરમાત્મા સિવાય કોઈને પણ આધાર બનાવશો નહિ.

**હે પરમ પ્યારા શિવ પિતાના સર્વશ્રેષ્ઠ સાધક બાળકો, પરશુરામ અવતારનો અંતિમ એ જ સંદેશ છે કે સાધકે એ બધા જ આધારને ખત્મ કરી દેવા જોઈએ જેના થકી આત્માની સર્વ શક્તિઓ જ સુષુપ્ત થઈ જાય. આજે માયાના સુક્ષ્મ રૂપ એઆઈ( AI )ના સ્વરૂપે સાધકનો સાથ આપી રહ્યો છે. એઆઈનો યથાર્થ ઉપયોગ સમયને બચાવી શકે છે, પરંતુ પોતાની શક્તિઓ, વિશેષતાઓને સુષુપ્ત કરવા માટે પણ નિમિત્ત બની શકે છે. એ વાતને જરૂરથી ધ્યાનમાં રાખશો. આ ક્ષત્રિય ચારિત્ર્યને ખતમ કરવાની ગાથા પરશુરામ અવતાર છે. માટે પરમાત્માને જ આધાર બનાવવો હિતાવહ છે.**

આવો પરમાત્માને જ આધાર બનાવી અન્ય બાબતોથી નિરાધાર બની વિશ્વના આધારમૂર્ત, ઉદ્ધારમૂર્ત બનીએ. એ જ બાપસમાન સ્થિતિ છે.

**॥ ઓમ શાંતિ ॥**

# અતીતના ઝરોખાથી

બ્ર.કુ.ગીતાબેન, નવસારી



સરળ હૃદય, મધુર ભાષા, દરેક વ્યક્તિને પોતાના સ્વજનની અનુભૂતિ કરાવનાર ફક્ત ગુજરાતના નહીં, પણ સમગ્ર મહાયજ્ઞની આન, બાન અને શાન એવા માં સમાન પાલના આપનાર આદરણીય રાજયોગીની સરલાદીદીજી એક-એક ગુજરાતના યજ્ઞવત્સોના હૃદયમાં આજે પણ વસે છે. જ્યારે તેમનો સ્મૃતિદિવસ સમીપ આવે ત્યારે તો વિશેષ એમની સાથેના મધુર સંસ્મરણો મન-મસ્તિષ્ક પર તરોતાજા થઈ જાય છે.

## દીદીજી સાથે પ્રથમ મુલાકાત

દિલ્હી તાલકટોરા સ્ટેડિયમમાં 'Future of mankind' મહાસંમેલન થવાનું હતું તે માટે દિલ્હીમાં ઘણીવાર મીટીંગો થતી. જેમાં ઝોન ઈન્ચાર્જ, મોટા ભાઈઓ-બહેનો આવતા. ત્યારે મારે પંજાબના જલંધર શહેરના રાજબેન સાથે મીટીંગમાં આવવાનું થતું. તે સમયે સરલા દીદીજીને દૂરથી જોયા હતા. દીદીજીનું વ્યક્તિત્વ મમ્મા જેવું લાગતું. હું નજીકથી દીદીજીના કોઈ ખાસ સંપર્કમાં નહોતી. કારણ તે સમયે હું ઘણી નાની હતી. પણ તેમના વ્યક્તિત્વમાં એક ગજબનું ચુંબકીય આકર્ષણ અનુભવ્યુ હતું.

સન્ 1984માં હું આદરણીય રમેશભાઈ સાથે મુંબઈમાં વિલેપાર્લે જઈ રહી હતી. રમેશભાઈને અમદાવાદમાં બે-ચાર કલાક માટે રોકાવાનું થયું. ત્યારે સુખશાંતિ ભવનનું મકાન લેવાની વાતચીત ચાલતી હતી. તે સંદર્ભમાં રમેશભાઈ અમદાવાદ આવ્યા હતા. હું પણ તેમની સાથે હતી. ત્યારે સૌ પ્રથમ સરલાદીદીજી સાથે મારી મુલાકાત થઈ. દીદીજીએ મને કહ્યું, તમારે અહીં ગુજરાતમાં રહેવું છે? મેં કહ્યું દાદીજીએ હમણાં મને મુંબઈ જવાનું કીધું છે. એટલે દાદીજી જેમ કહે તેમ મારે કરવાનું છે. ત્યારથી જ દીદીની દ્રષ્ટિ મારા પર હતી. જેનો મને કોઈ ખ્યાલ ન હતો. ડ્રામા અનુસાર બે વર્ષ પછી જ દાદીજીએ મને મુંબઈથી મધુબન બોલાવી કે, ગીતા મુજે તુમ્હારી જરૂરત હૈ.

સન્ 1986ના સમયગાળામાં હું મધુવનમાં હતી, ત્યારે એક દિવસ પ્રકાશમણી દાદીજીએ મને બપોરે તેમની સાથે ભોજન કરવા બોલાવી. ભોજન પત્યા પછી દાદીજીએ મારો હાથ પકડી બાબાની ઝૂંપડી બાજુ લઈ ગયા અને મને કહ્યું, ગીતા તુમ નવસારી સેન્ટર સંભાલો. તો દાદીજી નવસારી સે નિશ્ચિત હો જાયે. મારી હાજી કહેવાની ટેવ પ્રમાણે હાજી કહી દીધું. સાંજે દાદીજીએ સરલાદીદી અને મને બોલાવી, દીદીજી સાથે ઓળખાણ કરાવી. બીજા દિવસે દીદીજી મને પોતાની સાથે સુખશાંતિ ભવન, અમદાવાદ લઈ આવ્યા.

## અથક સેવાધારી સરલાદીદીજી

હું દીદીજી સાથે અમદાવાદમાં ત્રણ-ચાર દિવસ રહી, ત્યારે મેં જોયું દીદીજી રાત દિવસ અથક સેવા કરતા હતા. રાત્રે-રાત્રે મેટાડોરમાં ટ્રાવેલિંગ કરતા અને આખો દિવસ જુદા-જુદા સેવાકેન્દ્રમાં જઈ બધાને પાલના આપતા. કાર્યક્રમોમાં પણ ઉત્સાહથી પહોંચી ભાગ લેતા. એક દિવસ દીદીજી મને તેમની સાથે ચિલોડા સેવાકેન્દ્રમાં કુંભ-ઘડો મૂકવા લઈ ગયા હતા. એક

દિવસ ગાંધીનગર સેવાકેન્દ્ર પર કાર્યક્રમમાં લઈ ગયા. ત્યારે તારાપુર સેવાકેન્દ્રનું ઉદ્‌ઘાટન હતું જેમાં મને સાથે લઈ ગયા. એક વાર મને બાપુનગરમાં ક્લાસ કરાવવા મોકલી હતી. આ વર્ણન કરવાનું તાત્પર્ય એ છે કે દીદીજી પોતે તો સેવામાં અતિ વ્યસ્ત રહેતા, પણ અન્ય સેવા-સાથીઓને પણ સેવામાં વ્યસ્ત જરૂર રાખતા હતા.

## દીદીજી સાથે નવસારી આગમન

દીદીજી મને અને ભાનુબેનને લઈ રાતની ટ્રેનમાં બેસી સવારે નવસારી આવ્યા. તે સમયે સવારના ક્લાસમાં ફક્ત 12 થી 15 ભાઈ બહેનો આવતા. દીદીજીએ મારી ઓળખાણ ક્લાસમાં કરાવી, દસ વાગ્યાની ટ્રેનમાં પરત અમદાવાદ ગયા. આ ત્રણ ચાર દિવસમાં તો દીદીજી સાથે એવી લાગણી બંધાઈ ગઈ કે, જ્યારે દીદીજી અમને ( હું અને ભાનુબેન ) નવસારી મૂકીને ગયા તો એવો અનુભવ થયો કે જાણે અમારી માં અમને સાસરે મૂકી ગયા. મારી સાથે ભાનુબેન હતા, પણ મારો ભાનુબેન સાથે કોઈ પરિચય ન હતો. મારે માટે બધું જ નવું હતું. ભાઈ-બહેનો, ભાષા અને સાથીબેન બધું નવું. પણ જ્યારે હું મૂંઝાવ ત્યારે દીદીજીને કે દાદીજીને ફોન કરું અને મને તરત જ સમાધાન મળતું. દીદીજી માત્ર મને નવસારી મૂકીને ગયા ન હતા પરંતુ બેકબોન બની પૂરો સાથ સહયોગ પણ આપતા. ગુજરાતમાં સર્વ પ્રથમ ત્રણ દિવસની નેશનલ એન્જિનિયરીંગ કોન્ફરન્સનું સફલ આયોજન નવસારીમાં થયું. જેમાં દીદીજીની ઉપસ્થિતિ અને મધુવનના મોહનભાઈ સિંગલનું વિશેષ યોગદાન રહ્યું. આખા ભારતમાંથી મોટા વી.આઈ.પી., દાદી ગુલઝારજી, યજ્ઞના મુખ્ય ભાઈઓ કોન્ફરન્સમાં પધાર્યા.

## ત્યાગ અને નિર્માણતાના ગુણોનો ખજાનો

મારે અવાર-નવાર સુખશાંતિ ભવનમાં કોઈને કોઈ કાર્ય અર્થ જવાનું થતું હતું. મેં જોયું દીદીજી એટલી મોટી હસ્તી એવા હોવા છતાં બહુ જ સરળતથી મળતા. ઘણીવાર તો કહેતા ગીતાબેન, દીદીજી ઊંઘતા નથી, જ્યારે પણ કંઈ કામ હોય તો નિ:સંકોચ મળવા રૂમમાં આવી જજો. મને યાદ છે દીદીજીનો એકદમ નાનકડો રૂમ તેમાં એક નાની સેટી જેવો પલંગ, જેના ઉપર ઘણી કારોબારની ફાઈલો પડી હોય. એટલે કે દીદીજીનો રૂમ અને ઓફિસ બંને ભેગું. આવા ત્યાગ તપસ્યાના પ્રતિમૂર્તિ દીદી હતા. દીદીની યાદશક્તિ તો ગજબની હતી. કઈ વસ્તુ ક્યાં મૂકી તે બરોબર યાદ રહેતું.

## દરેકની વિશેષતાને પારખવાની કળા

અમદાવાદમાં એક લાખ વ્યક્તિઓના સંગઠનનો કાર્યક્રમ હતો. તો દીદીજીએ મને જવાબદારી સોંપી કે આ અવ્યક્ત બાપદાદાને માટે શાયરી લખી નિમંત્રણ લઈ આવવાનું છે. સાથે-સાથે બીજા દાદીજીઓ માટે પણ આમંત્રણ બનાવવાનું છે. ચાંદીની સીટ પર મીનાકારીથી શાયરી લખાવી તેમાં મ્યુઝિક મુકાવી સરસ કાર્ડ બનાવી લઈને હું મધુબન ગઈ. તો દીદીજી આ કાર્ડ જોઈ ખૂબ ખુશ થયા. તેમને એવી કલ્પના ન હતી કે આટલું સુંદર, સરસ અને કિમતી કાર્ડ બનાવીને લાવશે. જ્યારે બાબાની પધરામણી થઈ ત્યારે દીદીજી મને યાદ રાખી પોતાની સાથે બાબા પાસે લઈ ગયા અને મારા હાથે બાબાને કાર્ડ અપાવ્યું. ત્યારે દીદીજીએ કહ્યું કે, બાબાને શાયરી વાંચી સંભળાવો. દીદીજી દરેકની કળાને સેવામાં લગાવી તેની કદર કરી, ઉમંગ ઉત્સાહ વધારતા. પછી તો બીજા દાદીઓને પણ દીદીજીની સાથે જઈને બધાને કાર્ડ આપ્યા. દીદીજી નવસારીમાં આયોજિત એક ભવ્ય કાર્યક્રમમાં આવ્યા હતા તે સમયે કલ્ચરલ ગ્રુપનો કાર્યક્રમ જોયો અને ગમ્યો. દીદીજીએ મને

2002ના અમદાવાદના મોટા કાર્યક્રમમાં સ્વાગત નૃત્ય તૈયાર કરાવીને લાવવાનું સોંપ્યું. જેમાં નવસારીના ભરતાંજલી ગ્રુપના દક્ષાબેન અને 40 બાળકોએ ભવ્ય સ્વાગત નૃત્યુ રજૂ કર્યુ.

### ગંભીરતા અને રમણીકતાનું અજોડ બેલેન્સ

દીદીજીની સાથે ઘણીવાર ક્યાંક જવાનો અવસર મળતો. ત્યારે દીદીજીને ખબર પડી કે મને જોક્સ કરતા આવડે છે. એટલે આખા રસ્તા મને કહે ગીતાબેન જોક્સ સંભળાવો. ત્યારે પણ મેં જોયું દીદીજી જ્ઞાનની કોઈ પોઈન્ટ કહી જ્ઞાનની ગહેરાઈ સુધી લઈ જતા. મધુવનમાં પહેલા દાદીઓ, વરિષ્ઠ ભાઈઓના સન્માનના આયોજન અલગ અલગ ગ્રુપ સમયે થતા. તેમાં પણ દીદીજી ઘણીવાર મંચ સંચાલનની સેવા મને સોંપતા. એકવાર દાદી પ્રકાશમણીજી મુંબઈ હોસ્પિટલમાં સ્વાસ્થ્ય લાભ લેવા આવ્યા ત્યારે ગુજરાતના ટર્નમાં સન્માન સમારોહ હતો. પણ કોઈના દિલમાં એટલો ખાસ ઉત્સાહ ન હતો. તે સમયે કોઈ બહેનો મંચ સંચાલન કરવા તૈયાર ન હતા. ત્યારે દીદીજીએ બપોરે મને રૂમમાં બોલાવી કહ્યું આજે સાંજે તમારે મંચ સંચાલનની સેવા કરવાની છે. દીદીજીના આશીર્વાદ તમારી સાથે છે, દીદીજીને તમારામાં વિશ્વાસ છે કે તમે સારી રીતે કરી શકશો. આજ્ઞા સમજીને મેં હાં તો પાડી પણ મારુ મન પાંચ વાગ્યા સુધી ખાલી હતું. જ્યારે કાર્યક્રમમાં જવા નીકળી ત્યારે, એક પછી એક સારા સારા વિચારો આવ્યા. જ્યારે હું મંચ ઉપર બોલી ત્યારે બ્રાહ્મણોના નેત્રોમાં સ્નેહના અશ્રુ હતા. આમ દીદીજી માત્ર સેવા જ નહોતા સોપતા. સાથે-સાથે દિલથી આશીર્વાદ આપતા હતા. જે આત્મામાં તાકાત (શક્તિ) ભરતા કે કાર્ય સરળ, સરસ રીતે થાય. આવી અનેક વિશેષતાઓના ખજાનાથી ભરપૂર અવ્યક્ત સ્વરૂપા દીદીજી આજે પણ સમસ્ત ગુજરાતની છત્રછાયા બની પાલના કરી રહ્યા છે. સમસ્ત નવસારીનો બ્રાહ્મણ પરિવાર દીદીજીને શત્ શત્ નમન કરતાં શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે.

**॥ ઓમ શાંતિ ॥**

### સંગમયુગની પ્રશ્નાવલી
### ભાગ - 4ના જવાબો

| | |
|---|---|
| 1. કલ્યાણ | 2. ઉજ્જવળ |
| 3. રીગાર્ડ | 4. હર્ષિતમુખ |
| 5. સેફ્ટી | 6. શાંતરૂપ |
| 7. મદદગાર | 8. સૂક્ષ્મવતન |
| 9. સંન્યાસ | 10. અનાસક્ત |
| 11. પરવશ | 12. પવિત્રતા |
| 13. મધુરતા | 14. હર્ષિત |
| 15. ઉછળતા | 16. મુખ |
| 17. સેકન્ડ | 18. યોગ-અગ્નિ |
| 19. શાંતિ | 20. મહાન |
| 21. બ્રાહ્મણ | 22. શૃંગાર |
| 23. રાજતિલક | 24. શ્રેષ્ઠ |
| 25. ઈશ્વરીય | |

### (પેજ નં. 31નું અનુસંધાન)...મમ્મા સાથેનો મારો

લાલ આમલીવાળી કોઠીમાં રાખ્યા હતા. તે સમયે સ્ટેજ ઉપર ખૂબ મોટું કમળનું ફૂલ બનાવીને બેસાડ્યા હતાં. મમ્માના રૂહાની વ્યક્તિત્વથી પ્રભાવિત થઈને ઘણા પરિવાર સહીત જ્ઞાનમાં આવ્યા. તેમાંથી ઘણાં કુમાર કુમારીઓ, ભાઈ અને માતાઓ પણ સમર્પિત થઈને બાબાના ઘરમાં સેવા આપી રહ્યા છે. નીલમ દીદીએ કહ્યું કે મારા માટે મમ્માનું જીવન પ્રેરણારૂપ છે. તેમનું જીવન એક જ્ઞાન મંજુષા હતું. દરેક કાર્ય પોતે કરીને બીજાને શીખવ્યું.

**॥ ઓમ શાંતિ ॥**

## જ્ઞાન પરબ

# શુભ ભાવના

બ્ર.કુ. જગદીશભાઈ, ઈસનપુર, અમદાવાદ

શુભ શબ્દનો પ્રયોગ આપણે ઘણીવાર કરીએ છીએ, શુભ સંકેત, શુભ સંકલ્પ, શુભ મુહૂર્ત, શુભ કામના, શુભ સમાચાર, શુભ આશિષ, શુભ મંગલ વગેરે. આમ શુભ શબ્દને આપણે વ્યવહારમાં ઘણીવાર સાંભળીએ છીએ. ખાસ કરીને કોઇ વિશેષ દિવસ હોય, કોઈનો જન્મદિવસ હોય, લગ્નની વર્ષગાંઠ હોય, પરીક્ષા હોય કે કોઈ વિદેશ જતું હોય તો પણ આપણે તેમને હેપી બર્થ ડે, હેપી એનિવર્સરી, હેપી ન્યૂ યર, હેપી જર્ની કે બેસ્ટ લક કહીને શુભેચ્છાઓ પાઠવીએ છીએ. દરેક ઘરના પ્રવેશદ્વાર કે ઉંબરા આગળ આપણે શુભ અને લાભ લખેલું વાંચીએ છીએ. કોઈ પૂજા થતી હોય કે ગણેશજીની મૂર્તિ સ્થાપિત કરી હોય, ત્યા પણ શુભ અને લાભ લખેલું અવશ્ય જોવા મળે છે. શુભ અર્થાત સારું, શ્રેષ્ઠ, ઉત્તમ અને અશુભ એટલે ખરાબ, બુરું, કનિષ્ઠ.

શુભ કામના વગર શુભ ભાવના હોવી અશક્ય છે. શુભ કામના એટલે કોઈનું શુભ કરવાની ઈચ્છા એટલે કે મનની શુભ વૃત્તિ. શુભ વૃત્તિ અર્થાત્ રહેમની, કલ્યાણની, સ્નેહની, સહયોગની, દયાની, કૃપાની, ક્ષમાની વૃત્તિ. શુભ ભાવના અર્થાત શ્રેષ્ઠ સારી વૃત્તિ, દુર્ભાવના એટલે કોઈનું છીનવી લેવાની, મફતનું પડાવી લેવાની, દગો કરવાની, છેતરવાની, કોઈને નુકસાન કરવાની ખરાબ વૃત્તિ. શુભ ભાવનાને અંત સમયની સેવાઓનું શ્રેષ્ઠ સાધન માનવામાં આવે છે. શુભ ભાવનાની વૃત્તિથી જ શુભ વાઇબ્રેશન ફેલાય છે અને આ શુભ વાઈબ્રેશન જ અતિ સૂક્ષ્મ સેવા છે, જે સ્થૂળ રૂપે તો દેખાતી નથી, પરંતુ તેના પરિણામો ખૂબ જ જાદુઈ અને ચમત્કારિક અસર કરતા હોય છે. જો કોઈની સાથેના સંબંધો બગડેલા હોય તો શુભ ભાવનાના પ્રયોગથી થોડા જ સમયમાં સંબંધો સુધરી જાય છે. આ સેવા માટે મન બુદ્ધિ સદા ફ્રી જોઈએ. નાની નાની વાતોમાં જો મન ઉલઝેલુ રહે તો પરમાત્મા સાથેની બુદ્ધિની લાઇન ક્લિયર રહી શકે નહીં. આના માટે બેહદની વૈરાગ્ય વૃત્તિ - એકાંત ખૂબ જ જરૂરી છે.

આપણા સનાતન ધર્મની સંસ્કૃતિમાં વિશ્વને એક પરિવાર માનવામાં આવે છે અને વસુધૈવ કુટુંબકમની શ્રેષ્ઠ ભાવનાથી સર્વની સાથે શાંતિથી હળી મળીને રહેવાનું શીખવવામાં આવે છે. આપણા પ્યારા મીઠા બ્રહ્મા બાબા પણ ભક્તિ માર્ગના અજ્ઞાનકાળમાં નદી સ્નાન કરીને સૂર્યદેવને જળઅંજલી અર્પિત કરતા ત્યારે ભગવાનને, વિશ્વની તમામ આત્માઓના કલ્યાણ માટેની શુભ ભાવનાથી પ્રાર્થના કરતા હતા. તેઓ જમવા બેસતા ત્યારે પણ 'હે પ્રભુ, આ સંસારમાં કોઈપણ વ્યક્તિ ભૂખ્યો સુવે નહીં અને દરેકની ભૂખ સંતોષાય તેટલું પૂરતું ભોજન મળે' તેવી શુભ ભાવના રાખી પ્રાર્થના કરતા.

બ્રહ્મા બાબાના તનમાં શિવ બાબાએ પ્રવેશ કર્યો, પછી પણ તેમની સામે કોઈપણ આત્મા આવી હોય, ચાહે અભણ હોય, વૃદ્ધ હોય, ગરીબ હોય, કે નાનું બાળક હોય, તો પણ તેમને એ શુભ ભાવના રહેતી કે આ આત્મા પણ પરમાત્માના વરસાના અધિકારી બની જાય. આંખો કરુણાથી અને રહેમથી ભરાઈ જતી. દરેકને બ્રાહ્મણ પરિવાર જેવો શ્રેષ્ઠ પરિવાર મળે તેવી તેમની શુભકામના રહેતી. જેમ શિવ બાબાએ અને બ્રહ્માબાબાએ આપણામાં અનેક અવગુણો હોવા છતાં પણ શુભ ભાવના

રાખીને રોજ આપણને ભણાવીને શ્રીમત આપી અવગુણોને દૂર કરી ગુણવાન બનાવ્યા તેવી જ રીતે આપણે પણ કોઈના પણ અવગુણ ચિત્તમાં ન રાખતા, સર્વ આત્માઓ પણ પવિત્ર શ્રેષ્ઠ આત્માઓ છે તેવી શુભ કામનાઓ રાખી સર્વ પ્રત્યે વિશ્વ કલ્યાણની ભાવના રાખવી જોઈએ.

શુભ ભાવનાનો અર્થ એ નથી કે કોઈની પ્રત્યે શુભ ભાવના રાખતા રાખતા પોતે પણ તે આત્માના પ્રભાવમાં આવી જાવ, તેના ગુણો પર ન્યોછાવર થઈ જાવ કે તેના ભક્ત બની જાવ. શુભ ભાવના પણ બાપ સમાન ન્યારા અને પ્યારા બનીને આપવી જોઈએ. દુનિયામાં તો લોકો એક શિષ્ટાચાર ખાતર કહેવા પૂરતી શુભ ભાવના આપે છે, પરંતુ આપણી શુભ ભાવના શુભ સંકલ્પોથી ભરપૂર સર્વ શક્તિવાન બાપ પાસેથી શક્તિ લઈ આપેલી શક્તિશાળી શુભ ભાવના હોય છે. ભગવાન વિશ્વ કલ્યાણકારી દયાના સાગર છે. શુભ ભાવનાનો તેમની પાસે અખૂટ ખજાનો છે. આપણી પાસે શુભ ભાવનાનો સ્ટોક ન હોય તો તેમની પાસેથી પણ શુભ ભાવના લઈને આપવી જોઈએ. આપણા શાસ્ત્રોમાં પણ કહેવામાં આવ્યુ છે કે શુભસ્ય શીઘ્રમ એટલે કે શુભ કર્મમાં દેર કરવી જોઈએ નહીં. શુભ સંકલ્પ આવે તો વિચારવામાં સમય ન બગાડતા તે સંકલ્પને સત્વરે કાર્યમાં લગાવવો જોઈએ. બીજું શાસ્ત્રોમાં એ પણ કહ્યું છે કે, ‘સર્વે સુખી ભવન્તુ, સર્વ સુખી નિરામય’ સર્વ પ્રાણી માત્ર સુખી અને નીરોગી બને એવી શુભ ભાવના રાખવી એ આપણને બાળપણથી જ શીખવવામાં આવે છે. જ્યારે પણ ગુરુજન કે વડીલને આપણે નમન કરીએ છીએ ત્યારે સહજ રીતે આયુષ્યમાન ભવ, સુખી ભવ, પુત્રવાન ભવ જેવા શુભ વરદાની બોલ તેમના મુખેથી સ્વતઃ નીકળતા હોય છે.

અતિશય ભાવનામાં વહી જઈને લીધેલા નિર્ણયો ઘણીવાર દુ:ખદાયી બની જાય છે. આપણી ભાવના જ વ્યક્તિને સારા કે ખરાબ વ્યક્તિ બનાવે છે અને એટલે જ આપણે સકારાત્મક ભાવના પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. નકારાત્મકતા ઈર્ષા, દ્વેષ, નફરત, ઘ્રુણા પેદા કરે છે, જે આપણને નુકસાન કરે છે અને માનસિક રીતે વિકલાંગ બનાવી દે છે. માનવતા, દયા, પરોપકાર, સહાનુભૂતિ જેવી ભાવના વગરનો માણસ પશુ સમાન છે. લાગણીહિન મનુષ્ય એક મશીન બરાબર છે જેને રોબોટ સાથે સરખાવી શકાય, જે સંસારમાં કર્મ તો કરે જ છે પરંતુ તેનામાં શુભ ભાવના હોતી નથી. શુભ ભાવના ન હોય તો દુર્ભાવના અવશ્ય પ્રગટ થાય છે. ભાવનાહીન માણસને પથ્થર દિલ નિષ્ઠુર માનવામાં આવે છે, જડમૂર્તિ સમાન ગણવામાં આવે છે.

શાસ્ત્રોમાં કહ્યું છે કે, ભાવોહી વિદ્યતે દેવા. ભાવનાઓ જ માણસને દેવ કે અસુર બનાવે છે. આપણી ભાવનાથી જ આવનારી દૈવી સંસ્કૃતિનું નિર્માણ થાય છે અને દૈવી સંસ્કૃતિને અનુરૂપ કાર્ય કરીએ છીએ. એક મા પોતાના બાળક પ્રત્યે જે ભાવ રાખે છે, અનેક મુશ્કેલીઓ વેઠીને પણ બાળકનો ઉછેર કરે છે, તેવી જ શ્રેષ્ઠ ભાવના આપણે પૂર્વજ આત્માઓની પણ સર્વ આત્માઓ પ્રત્યે શુભ ભાવના રહેવી જોઈએ.

આપણી ભાવનામાં દિવસ દરમિયાન અનેકવાર ભરતી અને ઓટ આવ્યા જ કરે છે. સવારે ખુશ હોઈએ તો બપોરે ઉદાસ અને રાત્રે રોતા પણ હોઈએ. ભાવનાઓને સ્થૂળ રૂપે જોઈ શકાય નહિ પરંતુ ભાવના એ આપણા મનની ફીલ ગુડ અને ફીલ બેડની કેમેસ્ટ્રી છે, જેને ઈમોશનલ સોફ્ટવેર પણ કહી શકાય. ભાવનાઓ જ મનુષ્યને જીવિત રાખે છે. ભાવનાઓથી જ સંબંધો કેળવાય છે. સૈનિકોમાં જો દેશભક્તિની ભાવના ન હોય તો તે દેશ માટે બલિદાન આપી ન શકે. ભગવાન માટેની ભાવનાને કારણે જ ભક્ત પોતે દર્શન ન થાય તો

**(અનુસંધાન પેજ નં. 21 પર)**

## પ્રભુ પ્રસાદ

# માતેશ્વરી મમ્મા

બ્ર.કુ. નીતા, પાટણ



જગદંબા સરસ્વતીનો જન્મ અખંડ ભારતના સિંધ પ્રાંતમાં એક સંસ્કારી પરિવારમાં થયો. તેમનું નામ રાધે હતું. તેઓ અભ્યાસમાં ખૂબ જ હોંશિયાર પ્રવીણ હતા.

ઈ.સ. ૧૯૩૬માં જ્યારે બ્રહ્મા બાબાને ત્યાં સત્સંગની શરૂઆત થઈ ત્યારથી જ તેઓ પણ આવતા હતા. નાની ઉંમરમાં પણ પરમાત્મા પ્રાપ્તિની લગની ખૂબ હતી. બ્રહ્મા બાબાએ તેમનું નામ 'ઓમ રાધે' રાખ્યું. ઓમ મંડળીના નામે શરૂ થયેલી સંસ્થામાં બ્રહ્મા બાબાએ પોતાની સંપત્તિ ઈ.સ. ૧૯૩૭માં બહેનો અને માતાઓની કમિટી બનાવીને વિલ કર્યું હતું, જેમાં ઓમ રાધે પણ હતા. તેઓ કુમારી હોવા છતાં પણ માતા જેવી બધાની પાલના કરતા. આ રીતે શરૂઆતથી જ તેમનો ખૂબ મહત્વનો રોલ રહ્યો.

ઓમ રાધેનો સ્વભાવ ખૂબ જ મીઠો હતો. તેઓ ખૂબ સમજદાર, અતિ ગંભીર અને સાથે સાથે રમૂજી પણ હતા. શિવ બાબાના જ્ઞાન ઉપર તેમનો સંપૂર્ણ નિશ્ચય હતો. આજ્ઞાકારી, વફાદાર અને સદા 'હા જી' નો પાઠ પાકો રાખવાવાળાં ઓમ રાધેએ ખૂબ ઓછા સમયમાં બધાના દિલમાં સ્થાન મેળવી લીધું. સંતોષ, ધીરજ જેવા અનેક ગુણોના ધની હતા. બાબાએ જે કહ્યું તે અક્ષરસહ ધારણ કરતા.

જ્યારે સંસ્થાનું સ્થાનાંતર માઉન્ટ આબુમાં થયું ત્યારે થોડા સમય પછી આર્થિક સંકટનો સમય આવ્યો. જેટલા ભાઈ-બહેનોની જવાબદારી હોવા છતાં તેમનો નિશ્ચય મજબૂત રહ્યો, ગમે તેવી પરિસ્થિતિનો હસતાં મોઢે સામનો કર્યો.

### મુરલીના મસ્તાના

શિવપિતાની જ્ઞાન મુરલીને ધારણ કરવાના આગ્રહી હતા. જ્ઞાનની વીણા વડે મધુર સ્વર રેલાવી અનેક લોકોના જીવનમાં જ્ઞાનનો પ્રકાશ પાથર્યો હતો, તેથી તેઓ જ્ઞાનની દેવી સરસ્વતી કહેવાયા. કહેવત અનુસાર નારી એવા લક્ષણ ધારણ કરે તો તે લક્ષ્મી બને, તે પ્રમાણે જ્ઞાનને ધારણ કરી અનેકના જીવનને દિવ્ય બનાવનાર જ્ઞાનની દેવી લક્ષ્મી પણ કહેવાયા.

જ્ઞાનના દાનથી અનેક આત્માઓની મનોકામનાઓ પૂર્ણ કરી, તેથી પરમાત્માએ તેમને જગદંબા કહ્યા. પરમાત્માએ તેમને જન્મોના રહસ્ય સમજાવ્યા કે ઓમ રાધે સંગમયુગમાં પરમાત્મા શિક્ષા લઈ રાધે બનશે અને સતયુગમાં પ્રથમ જન્મમાં શ્રી લક્ષ્મી વિશ્વ મહારાણી બનશે.

શાસ્ત્રોના વર્ણન અનુસાર આપણે દેવીઓને અસુર સંહારીણી કહીએ છીએ. આ અસુર એટલે વિકૃતિઓ. કળિયુગના અંતિમ સમયમાં પરમાત્મા જ્ઞાન દ્વારા પોતાના અંદરના પાંચ વિકારોનો નાશ કર્યો. આ રીતે જેમની આપણે પૂજા કરીએ છીએ તે આદિ દેવી જગદંબા સંગમયુગમાં પ્રગટ થયા. તેમને વીણા વગાડવાનો ખૂબ શોખ હતો. તેઓ સુંદર ગીતો પણ ગાતા. તેઓ ફેશનબલ હોવા છતાં ખૂબ પ્રભાવશાળી અને પવિત્રતાની મૂર્તિ હતા.

મમ્માના જીવનનું એક સૂત્ર હતું કે 'એકવાર

થયેલી ભૂલ ફરી ન થવી જોઈએ.' તેઓ હંમેશા કહેતા કે 'પુરુષાર્થ છે એવું કહીને કમજોર ન બનવું.' ભૂતકાળની વાતોને ભૂલીને સદા જીવનને શ્રેષ્ઠ બનાવતા રહેવું.

બાબાએ જે કહ્યું તે આજ્ઞાનું તરત જ પાલન કરતા. બાબાની શ્રીમંતને 'હુકમી હુકમ ચલા રહા હે' સમજતા હતા. તેમના જીવનનો એક પ્રસંગ યાદ આવે છે - એકવાર બહારથી ભાઈ-બહેનો આવ્યા હતા. તેઓ પરત જવાના દિવસે બાબાને વિચાર આવ્યો કે બાળકોને સાબુદાણાનો હલવો ખવડાવવો જોઈએ. તેમણે મમ્માને કહ્યું. મમ્મા તરત જ રસોડામાં જઈ હલવો બનાવવા લાગ્યા. બધાને આશ્ચર્ય થયું કે થોડા સમયમાં હલવો કેવી રીતે બનશે? પરંતુ મમ્માએ હલવો બનાવી સ્ટેશન પર મોકલી આપ્યો.

મમ્માનું વ્યક્તિત્વ ખૂબ ઊંચું હતું. તેઓ નિડર અને સ્પષ્ટવક્તા હતા. એકવાર પરમાત્મા જ્ઞાનના વિરોધીઓએ કોર્ટ કેસ કર્યો. મમ્મા નીડર બની કોર્ટમાં ગયા. જજ સાહેબે ભગવાનને હાજીર -નાઝીર સમજીને કસમ ખાવાનું કહ્યું ત્યારે મમ્માએ કહ્યું,- 'હું તમને હાજીર-નાઝીર સમજું છું, પરંતુ ભગવાન હાજીર-નાઝીર, સર્વવ્યાપક નથી.'

મમ્મા સહનશીલતાની મૂર્તિ હતા. તેમને કેન્સર હતું. મુંબઈમાં ઓપરેશન પછી પણ સેવા કરતા રહ્યા. એકવાર ડોક્ટરે કહી દીધું કે હવે સારું થવાનું નથી. ત્યાર પછી તેઓ માઉન્ટ આબુ આવ્યા. ઘણા ભાઈ-બહેનોને શિવબાબાની યાદમાં ટોલી ખવડાવી, પરંતુ કોઈને કંઈ જ ખબર ન પડી કે હવે મમ્મા ખૂબ થોડો સમય આપણી વચ્ચે છે. શિવબાબાની યાદમાં કષ્ટને પણ સમાવી લીધું.

**24 જૂન 1965માં તેમણે પોતાનું શરીર છોડીને અવ્યક્ત બન્યા.**

# મમ્મા સાથેનો મારો સુવર્ણ સમય



પંજાબ અંબાલા કેન્ટના પાટણ સેવાકેન્દ્ર ઈન્ચાર્જ નીલમદીદી મમ્માના સાનિધ્યની મીઠી પળોને ઝંઝોરતા કહે છે કે મમ્મા એક માંની જેમ પાલના કરતા. અંબાલામાં બે-ત્રણ વખત મમ્મા આવ્યાં ત્યારે મમ્માએ મમ્મી-પાપાને જોયા ત્યારે એમને થયું કે આ તો કુમાર-કુમારી છે. પરંતુ જયારે ધ્યાની દાદીજીએ પરિચય આપતાં કહ્યું કે તેમને તો ૪ બાળકો છે. ત્યારે મમ્માએ કહ્યું કે જલ્દી જલ્દી પ્રજા બનાવી દીધી. પછી મમ્માએ કહ્યું કે બાળકોને પણ લઈને આવજો.

અમે પરિવાર સાથે મમ્માને મળ્યા હતા. મમ્માને પ્યાર ભરી દ્રષ્ટિ આપી. ટોલી ખવડાવી અને ગોદીમાં પણ બેસાડ્યા. મમ્માની અંદર રૂહાની ચુંબકીય આકર્ષણ હતું. એક વાર લોકિક પિતાજી મમ્માનો ક્લાસ સાંભળતા હતા અને ક્યારે ઉભા થઈને મમ્માની ગોદીમાં ચાલ્યા ગયા તેમને ખબર પણ ના રહી. મમ્માએ પણ તેમને ખૂબ પ્યાર કર્યો. તેમની આંખમાંથી અશ્રુધારા વહેવા લાગી. લોકિક પરિવારનો મમ્મા સાથેનો યાદગાર ફોટો પણ છે. એક વાર મમ્મા અંબાલામાં આવ્યા ત્યારે

(અનુસંધાન પેજ નં. 27 પર)

# માતેશ્વરી જગદંબા

## બ્ર.કુ. લીલાબેન, કારેલીબાગ, વડોદરા

ભારતવર્ષમાં વિદ્યા પ્રારંભ, સદૈવ માં સરસ્વતીની પૂજા અને આશીર્વાદ સાથે જ કરવામાં આવે છે.

'હે જ્ઞાનની દેવી માં સરસ્વતી, સદાય શ્વેત વસ્ત્ર ધારિણી, શ્વેત ચમકતાં ફૂલો અને મોતીઓની માળાથી સુશોભિત, જે ચંદ્રમાની માફક ઉજ્જવળ છે, જેના હાથોમાં વીણા છે અને કમળફૂલ પર બિરાજમાન છે. જેઓનો બ્રહ્મા, વિષ્ણુ તથા શંકર પણ તેમનો આદર કરે છે. તેવી જ્ઞાનની દેવી મા શારદા, સદાય અમારી રક્ષા કરે.' આ પ્રાર્થના રોજ શાળામાં ગાવામાં આવે છે.

આપણે દેવી સરસ્વતીની સ્તુતિ સાંભળી. તો ચાલો આજે આપણી મીઠી 'મમ્મા' જે યથાર્થ સ્વરૂપે માતેશ્વરી જગદંબા સરસ્વતી હતા તેમના ગુણોની માળા બનાવીએ.

જૂન માસ આપણને ખાસ કરીને એટલે યાદ રહે કે (24-06-1965) 24 જૂનના દિવસે આપણા વહાલા મમ્મા અવ્યક્ત થયા હતાં. એમની યાદમાં આખો જૂન મહિનો સૌ બ્રહ્માવત્સો યોગયુક્ત સ્થિતિમાં રહીએ છીએ. દરેક સેવાકેન્દ્ર પર ખાસ યોગના વિવિધ આયોજનો કરવામા આવે છે.

શા માટે આપણે મીઠી મમ્માને યાદ કરીએ છીએ? જવાબમાં તેમની સરળતા અને સહજતા જે આપણને સૌને આકર્ષે છે.

1. ગુપ્ત રીતે વહેતી સરસ્વતી નદીની જેમ માતેશ્વરી જગદંબા ગુપ્ત રહી બ્રહ્માવત્સોની સેવા કરતી રહી.
   આપણી મીઠી મમ્માનું લૌકિક નામ 'ઓમ રાધે' હતું. સર્વ કન્યાઓમાં તેઓ શ્રેષ્ઠ હતા અને મુરલીના ચાહક હતા. મુરલીમાં આવતાં એક એક શબ્દને તેઓ પ્રેમથી સાંભળતા અને સ્પષ્ટ રીતે અર્થ પૂર્ણ શબ્દોમાં દરેકને સમજાવતાં.
2. મમ્મા ડ્રામાના પાર્ટમાં સંપૂર્ણ વિશ્વાસ ધરાવતાં. હંમેશા સાક્ષીદૃષ્ટા બની ડ્રામાના પ્રત્યેક દૃશ્યને નિહાળતાં તેથી ક્યારેય હલચલમાં ન આવતાં. કાયમ બધા બ્રહ્માવત્સોએ મમ્માને રૂહાનિયત સભર અને નારાયણી નશાની સ્થિતિમાં જ જોયા છે. નિત્ય પ્રાતઃકાલ સવારે બે વાગે ઉઠી બાબાની યાદમાં બેસવું એ એમનો નિત્યકર્મ હતો.
3. પોતે ગુણવાન બની અન્ય આત્માઓને ગુણવાન બનાવવા એ તેમનો જીવનમંત્ર હતો. શ્રીમતમાં પોતાની મનમત ના મેળવવી એ મંત્રનું તેઓ સારી રીતે પાલન કરતા. નાની વયના હોવા છતાં આવી ઉચ્ચ કક્ષાની ધારણ ક્ષમતાઓને કારણે 'ગુણમૂર્ત' મમ્માનું પદ તેમને પ્રાપ્ત થયું. તેમની ચાલચલન હંમેશા રોયલ હતી.
4. ક્લાસમાં નિયમિત રૂપે જ્ઞાનની વાતો સાંભળવી તથા યોગ કરવો. મુરલી ક્યારેય મિસ ન કરવી એ માતેશ્વરીએ આપણને શીખવાડ્યું.
5. અંતર્મુખી બની જરૂર જેટલાજ શબ્દોનો ઉપયોગ કરી તેઓ શાંત થઈ જતાં. આમ દેહીઅભિમાની બની અંતર્મુખી સ્થિતિનો બોધ આપ્યો.
6. મમ્મામાં ત્રણ વિશેષતા ખાસ જોવા મળી, એક રુહાનિયત, બીજી સ્વમાન અને ત્રીજી વિશેષતા - સર્વ સબંધ એક શિવપિતા સાથે.

આમ કરવાથી દેહ અભિમાન સ્વાભાવિક રીતે સમાપ્ત થઈ જાય એવું તેઓ માનતા.

7. શિવબાબાએ જ્ઞાનકળશ મમ્માના માથા પર મૂકી યજ્ઞની જવાબદારી સોંપી. જે સંપૂર્ણ રૂપે મમ્માએ નિભાવી. કરન કરાવનહાર તો એક બાબા જ છે, તેમ કહી જવાબદારીઓ આદર્શ પૂર્વક વહન કરતાં.

8. અથક સેવા, સદા શાંતમૂર્ત તેમજ ગંભીરતા એ તેમના વિશેષ ગુણો હતા. પરિણામ સ્વરૂપે સમેટવાની શક્તિ, સમાવવાની શક્તિ અને સહનશક્તિ તેમનામાં સહજપણે જ દેખાઈ આવતી. મમ્માં આપણા સૌના ગુરુ અને ટીચર પણ હતા.

9. બે મહત્વપુર્ણ સ્લોગન એક 'હરઘડી અંતિમ ઘડી' અને 'હુકમી હુકમ ચલા રહા હૈ' એમના જીવનના મહામંત્ર હતા. જેના અમલીકરણથી તેઓ નષ્ટામોહા સહજતાથી બની ગયા.

10. મમ્મા કહેતા કે આંતરિક શક્તિ એકત્ર કરવા માટે તમે ખૂબ મહેનત કરો છો, પણ ઘણીવાર શક્તિનો નકામો વ્યય પણ કરી દો છો. તેથી ઉદાસ અને શક્તિહીન બની જાઓ છો. પ્રાપ્તિ કરતાં વધુ ખર્ચ કરશો તો દેવાળુ ફૂકાશેને?

11. જે બ્રહ્માવત્સોએ માતેશ્વરીને ખૂબ નજીકથી જોયા, હાથમાં હાથ આપી મળ્યા છે તેઓ દ્રઢ પણે માને છે કે, ત્યારે એવો અનુભવ થતો જાણે મા તરફથી 'સકાશ' મળી રહી છે. આવા શક્તિશાળી અને ચમત્કારિક એમના હાથ હતા. નયનોથી કાયમ અમૃતવર્ષા થતી.

આજે આપણી મીઠી મમ્મા આપણી વચ્ચે સાકારમાં નથી, પણ તેમની દિવ્યમૂર્તિ તથા શિક્ષાઓ કાયમ આપણી સાથે જીવંત રહેશે.

॥ ઓમ શાંતિ ॥

**નવી કોલમની શરૂઆત 'વાચકોના પ્રતિભાવ'**

દૈવી બહેનો, જ્ઞાનામૃતના સૌ વાચકો, ચાહકો અને સભ્યોને જણાવતા અતિ આનંદ થાય છે કે, જ્ઞાનામૃતમાં જૂન-2026થી એક નવી કોલમ **'વાચકોના પ્રતિભાવો'** શરૂ કરીએ છીએ.

આપ સૌ વાચકો જ્ઞાનામૃતમાં પ્રકાશીત થતા વિવિધ લેખો, સામગ્રી, ફોટા, કવરપેજ કે અન્ય બાબતો અંગે પણ આપના અમૂલ્ય પ્રતિભાવો, સૂચનો ગુજરાતી જ્ઞાનામૃતના

**ઈ-મેલ gyanamrit.guj@gmail.com** અથવા

**whatsapp - 94267 08448**

ઉપર અવશ્ય મોકલશો. જેને વાચકોના નામ, વિશિષ્ટ હોદ્દો હોય તો હોદ્દા સાથે, શહેર અથવા ગામના નામ સાથે આવનારા અંકોમાં સહર્ષ આપીશું.



## વાચકોના પ્રતિભાવ

જ્ઞાનામૃતના એપ્રિલના અંકમાં આવેલ લેખ 'બ્રહ્માકુમારીઝ શું સમાજસેવા કરે છે' ખૂબ જ પસંદ આવ્યો. 'શિકારીની વાર્તા' દ્વારા સંસ્થાની સમાજસેવાની અદ્વિતીય કામગીરી જાણી, ખૂબ જ ખુશી થઈ અને સંસ્થામાં સહભાગી થવાની પ્રબળ ઈચ્છા પણ થઈ.

મોકલનાર - ડો. સતીશ આઈ. પટેલ
અક્ષતમ સોસાયટી, પાલનપુર. (6-5-2026)

॥ ઓમ શાંતિ ॥

Published and Printed by BK Bhartiben R. Somiya for Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Ahmedabad. Printed at Gujarat Offset Private Ltd. 'Offset House', Opp. Jain Ashram, Station Road, Vatva, Ahmedabad – 382 440. Published from Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Sukh Shanti Bhavan, Bhulabhai Park Road, Kankaria, Ahmedabad - 380 022, Gujarat State, India. Edited by Dr. Nandini Harshadrai Dwivedi

# સંગમયુગની પ્રશ્નાવલી ભાગ - 4

દૈવી ભાઈઓ અને બહેનો,

નવીનતાસભર ઈશ્વરીય જ્ઞાનખજાનો સંગમયુગની પ્રશ્નાવલી ભાગ - 4 જ્ઞાન-ચિંતનના આધારે અહીં આપેલા શબ્દોમાંથી યોગ્ય શબ્દ પ્રશ્નાવલીમાં ભરશો. આ પ્રશ્નાવલીના જવાબો આ જ અંકમાં અંદર આપેલ છે. તમારા જવાબોને સાચા જવાબો સાથે જરૂર ચકાસી જુઓ.

1. અંતર્મુખતામાં ખૂબ__________ સમાયેલું છે.
2. પોતાનાં મનને __________બનાવવાનો પ્રયત્ન કરવાનો છે.
3. દિવ્ય પ્રેમમાં એક-બીજા માટે ખૂબ __________હોવો જોઈએ.
4. આપ દરેક ચૈતન્ય ફૂલોને દરેક પળે __________બનીને રહેવાનું છે.
5. સદા સેવાના ઉમંગ-ઉત્સાહમાં રહેવું - આ જ માયાથી __________નું સાધન છે.
6. જ્ઞાન સ્વરુપ સ્થિતિમાં સ્થિત રહેવાથી સ્વતઃ__________અવસ્થા બની જાય છે.
7. આપ બાળકો આ સમયે બાપનાં __________બનો છો.
8. __________નો સાક્ષાત્કાર ક્યારેય કોઈને થતો જ નથી.
9. બુદ્ધિ થી બેહદનો __________કરવાનો છે.
10. જૂની દુનિયા અને જૂનાં શરીરથી __________રહેવાનું છે.
11. મહારથી તે છે જે ક્યારેય માયાનાં પ્રભાવમાં __________ન હોય.
12. __________વગર મધુરતા આવી નથી શકતી.
13. કર્મમાં નમ્રતા અને બોલમાં __________હોય.
14. ડ્રામાનાં દરેક દૃશ્યને જોવા છતાં સદા __________રહેવાનું છે.
15. સર્વિસેબલ બાળકો સેવામાં __________રહેશે.
16. __________થી વારંવાર બાબા-બાબા કહેતાં રહો.
17. બાપ જ આવીને __________માં વારસો આપે છે.
18. માથા પર જે પાપોનો બોજ છે તેને__________ થી ભસ્મ કરવાનો છે.
19. __________ગળાનો હાર છે.
20. __________બનવા માટે મધુરતા અને નમ્રતાનો ગુણ ધારણ કરો.
21. આપણે__________ જ સ્વદર્શન ચક્રધારી છીએ.
22. બાપ અને દાદા બંને મળીને બાળકોનો __________કરે છે.
23. પોતાનાં પુરુષાર્થથી જ સ્વયંને __________આપવાનું છે.
24. બાપ મીઠાં બાળકોને શ્રેષ્ઠ મત આપે જ છે __________બનવા માટે.

__________સર્વિસમાં બહુજ ખુશી રહે છે, બાપની મદદ મળે છે.

**(પવિત્રતા, અનાસક્ત, સેફ્ટી, હર્ષિત, મુખ, કલ્યાણ, મદદગાર, ઈશ્વરીય, શ્રેષ્ઠ, શાંતરૂપ, સૂક્ષ્મવતન, ઉજ્જવળ, સંન્યાસ, શાંતિ, રાજતિલક, પરવશ, યોગ-અગ્નિ, ઉછળતા, સેકન્ડ, શૃંગાર, બ્રાહ્મણ, મહાન, હર્ષિતમુખ, મધુરતા, રીગાર્ડ)**



સુરત કામરેજ ચાર રસ્તા ખાતે 'નર્સ દિવસે' આયોજીત સ્નેહમિલન બાદ સમુહચિત્રમાં વિવિધ હોસ્પીટલોની નર્સ સાથે બ્ર.કુ. રીમાબેન.



અમદાવાદ સારંગપુરમાં 'મધર્સ ડે'ની ઉજવણીમાં વિકાસગૃહના ભગિની દક્ષાબેન સાથે બ્ર.કુ. મંજુબેન, બ્ર.કુ. ઉન્નિતીબેન.



ચિલોડામાં દિક્ષા કિડ્ઝ સ્કુલના 'સમર કેમ્પ'માં ફાઉન્ડર ભગિની તમન્નાબેન રાઠોડને ઈશ્વરીય ભેટ આપતાં બ્ર.કુ. મીરાબેન.




ગોંડલ ખાતે બાળકો માટે આયોજીત 'કિડ્ઝ કાર્નિવલ'માં ભાગ લેનાર બાળસમુહ સાથે બ્ર.કુ. ભાવનાબેન અને બ્ર.કુ. શીતલબેન.



ઉમરગામમાં 'શાયનીંગ સ્ટાર સમર કેમ્પ'નું ઉદ્‌ઘાટન કરતાં ઉધોગપતિ તથા ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશનના સેક્રેટરી ભ્રાતા શ્યામ વિઝન, ભ્રાતા પુરૂષોત્તમભાઈ, બ્ર.કુ. ચેતનાબેન તથા ટીચર્સ બહેનો.



પાસોદરા ખાતે આયોજીત 'બાળ વ્યક્તિત્વ વિકાસ શિબિર'માં ભાગ લેનાર બાળકો સાથે સમુહચિત્રમાં બ્ર.કુ. હર્ષાબેન.



સાવલી ખાતે ત્રિદિવસીય 'બાળ ઘડતર શિબિર'માં રાજયોગની સમજ આપતાં બ્ર.કુ. જલ્પાબેન તથા ભાગ લેનાર બાળકો.



સુરત મોટા વરાછામાં 'ઉનાળુ બાળશિબિર'ના બાળવૃંદ સાથે કસવારા સ્કુલના ટ્રસ્ટી ભ્રાતા જગદીશભાઈ, બ્ર.કુ. મીનાબેન, બ્ર.કુ. ફાલ્ગુનીબેન.



અમદાવાદ કાંકરીયા સ્થિત નવનિર્મિત 'રાજયોગ ભવન'ના ત્રિવેણી મંગલ સમારોહમાં ભવનનું ઉદ્‌ઘાટન કરતાં સંયુક્ત મુખ્ય પ્રશાસિકા રાજયોગિની સુદેશદીદી, ગુજરાત ઝોન ઈન્ચાર્જ રાજયોગીની ભારતીદીદી, બ્ર.કુ. ચંદ્રિકાબેન, બ્ર.કુ. શારદાબેન, બ્ર.કુ. નેહાબેન, બ્ર.કુ.ઉષાબેન તથા કેક કટીંગ કરતાં મહાનુભાવો સાથે 'પ્રભુ સર્મપણ સમારોહ'ની બ્ર.કુ. પ્રિયંકાબેન અને બ્ર.કુ. અશ્વિનીબેન.



રાજકોટમાં પધારેલ ભારતના રાષ્ટ્રપતિ મહામહિમ શ્રીમતી દ્રોપદી મુંર્મુની સાથે શુભેચ્છા મુલાકાત બાદ શિવબાબાનું ચિત્ર અર્પણ કરતાં બ્ર.કુ. દક્ષાબેન, બ્ર.કુ. અંજુબેન, બ્ર.કુ. ગીતાબેન, બ્ર.કુ. કિંજલબેન.



રાજકોટ હેપ્પી વિલેજમાં સુપ્રસિધ્ધ શિવ કથાકાર પૂજ્ય ગીરીબાપુના આગમન સમયે સમુહચિત્રમાં બ્ર.કુ. પુષ્પાબેન, બ્ર.કુ. કૈલાસબેન, ભ્રાતા જયેશભાઈ તથા અન્ય મહાનુભાવો.



ભંડુરીના નવનિર્મિત 'સત્યતીર્થ ભવન'ના શુભારંભે બ્ર.કુ. રૂપાબેન, MLA ભ્રાતા ભગવાનજીભાઈ કરગટીયા, સરપંચ ભ્રાતા ગોપાલભાઈ કાલરીયા, બ્ર.કુ. પુષ્પાબેન, બ્ર.કુ. ગીતાબેન, બ્ર.કુ. ડૉ. દામિનીબેન, બ્ર.કુ. મીતાબેન.



કુતિયાણા સેવાકેન્દ્ર પર પધારેલ MP તથા ગુજરાત પ્રદેશ ઉપપ્રમુખ ભ્રાતા રમેશભાઈ ધડુક સાથે જ્ઞાનચર્ચા બાદ ઈશ્વરીય સોગાત આપતાં બ્ર.કુ. મૃદુલાબેન, બ્ર.કુ. કિરણબેન તથા અન્ય મહેમાનો.

If Undelivered Please Return to Publishing Place :
BRAHMA KUMARIS, 'Sukh Shanti Bhawan', Opp. Municipal School-6,
Bhulabhai Park Road, Kankaria, Ahmedabad-380022. (Gujarat) INDIA

Publisher : Bharti Ranchhoddas Somaiya
Phone : 079- 25324460,
Email : gyanamrit.guj@gmail.com